# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ મી નવેમ્બર ૨૦૧૭ Vol. 11 No. 11

## બીનસાંપ્રદાયીતા ? કોમવાદ → જાતીવાદ !




નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :

www.satyanveshan.com પર જાઓ.

# આ સૌ રાધેમાઓ ધર્મના ધતીંગો કરે છે !

**–પ્રા. જે. પી. મહેતા**

આ ધર્માંધ દેશમાં વાજપાઈથી માંડીને મોદી સુધીના સૌ ધર્મપ્રેમી વડાઓ હોય ત્યાં મહાવીલાસી ભક્તોને નચાવતા પ્રભુ કે દુર્ગામા બની પુજાતા જયશ્રી દીદીઓ-રાધેમાઓ-માઅમૃતાનંદમાઈ કે આસારામો-રાજપાલો બાબા રામરહીમો કે સ્વ. સત્યસાંઈ જેવા સેંકડો ધુર્તોની જ બોલબાલા છે. જયાં આજે પણ વીકસીત ગણાતી ગુજરાત સરકારની રાજધાની ગાંધી નગરની જ બાજુમાં વર્ષોથી રુપાલ નામે ગામડે નવમા નોરતે કીલો બંધી ઘી (આ વર્ષે ૧૦ કરોડ રૂ.નું) ઘી ધુળમાં ઢોળી નાંખતી ઘેટાંપ્રજા હોય, ને જેના વડા પ્રધાન ૧-૨ મહીને મંદીરોમાં મહાપુજા કરી સ્પેશ્યલ પ્લેનમાં ઉડી પ્રજાનો કરોડો રુપીયાનો ધુમાડો કરે તે પ્રજાને ૧૦૦% ફ્રોડ ધર્મગુરુ ને માતાજીઓ જ મળે ! બાકીના ધુતારાં પ્રભુ બની પુજાયેલા અને આજે પણ પુજાતા મુકી માત્ર દુર્ગામા બની અશ્લીલ ફીલ્મી ગીતો પર નાચતી ને યુવા ભક્તોના ખોળામાં અશ્લીલ હરકતો કરતી. આજની રાધેમા વીષે જ જોઈએ તો - 'હીંદુસ્તાન' ચેનલ પર તેના પર જે ડોક્યુમેન્ટરી ન્યુઝ આવેલા તે મુજબ ગરીબ પંજાબી ઘરની આ ગૃહીણીનો પતી તેને છોડી બે છોકરાં સોંપી વીદેશ ભાગી ગયો. પછી તેણે એક આશ્રમમાં આશરો લીધો. ત્યાંથી તેના ચમત્કારોની અફવા આગની જેમ પ્રસરી ને છેલ્લે મુંબઈ આવી ત્યારે એ ધર્માંધ શ્રીમંત નગરી મુંબઈના અત્યંત શ્રીમંત એમ. એમ. મીઠાઈવાળા ગુપ્તા પરીવારે તેને પોતાના મલબાર હીલ સ્થળના મોંઘા બંગલામાં જીવંત માતાજીની જેમ રાખી પછી તો આગની ઝડપે આ ફ્રોડ બે યુવા દીકરાની માને સૌએ દુર્ગામાનો અવતાર માની લાલ રંગના ભડક કપડાં પહેરાવી લાલમલાલ ગુલાબો-મુગટ હાથમાં નાનું ત્રીશુલ આપી રોજએવી પ્રચલીત કરી કે પછી તો મુર્ખ શ્રીમંત ધર્માંધોની નગરી બોરીવલીના ઘેલા ગુજરાતી ભક્તોના પણ પુર ઉમટયા ! તમાશાને તેડું ન હોય તેમ આ રાધેમાને દોડતા ઢાળ મળે તેમ ધર્માંધોના ટોળાં મળ્યાં. રોજ 'સત્સંગ'માં ફીલ્મી નટો સંગીતકારો ને ગાયકો આવે ને રાધેમાના ગુણગાનનાં ગીતો લલકારે તો ટોળાં વળે જ ને ! ટી. વી. રીપોર્ટ મુજબ એ ફ્રોડ બાઈ માત્ર લાલ રંગની જ ચાહક છે. તેના યુવા (મુર્ખ) ભક્તોને પોતાની ગોદમાં ઉંઠાવવા ૨૫-૩૦ હજારની બોલી બોલાય ને આ નાચનારી ત્રીશુળધારી બાઈ યુવાનોની ગોદમાં કુદી નાચગાન કરે. આ બધો કારોબાર ને લેનીદેની ટલ્લીવાળા નામે એક રૂપાળો યુવાન કરે છે.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

સંપાદક મંડળ

બી. એ. પરીખ
પ્રેમ સુમેસરા

સુનીલ શાહ
સીદ્ધાર્થ દેગામી

દીલીપ નેમલાવાલા
મનસુખ નારીઆ

૧૫ નવેમ્બર, ૨૦૧૭

સળંગ અંક : ૩૧૨

Vol. 11 No. 11

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)

## બીનસાંપ્રદાયીતા ? કોમવાદ → જાતીવાદ !

**–સુર્યકાન્ત શાહ**

તંદુરસ્ત લોકશાહીનો બીનસાંપ્રદાયીકતા સીવાય કોઈ સધ્યારો હોતો નથી. રાજ્ય કોઈ પણ ધર્મની તરફદારી કે વીરોધ નહીં કરે. ધર્મને દરેક વ્યકતીની અંગત બાબત સમજે અને લોકો પરસ્પરના વ્યવહારોમાં ધર્મના માપદંડે વર્તન નહીં કરે તેને વીશાળ અર્થમાં બીનસાંપ્રદાયીકતાથી ઓળખી શકાય. બારે મહીના અને ચોવીસે કલાક આ જ અભીગમ રાખી સરકારોએ અને પ્રજાએ વર્તવાનું હોય. ચુંટણી પ્રસંગે તો બીનસાંપ્રદાયીકતા જ મોખરાનું સ્થાન સાચવતી હોવી જોઈએ. આપણા બંધારણમાં બીનસાંપ્રાદાયીકતા આમેજ કરીને આપણે તે પ્રમાણે વર્તવાનો નીર્ણય લીધો તો છે, પરંતુ અમલમાં, અને તેમાં યે ચુંટણીઓ પ્રસંગે આપણે તેનાથી તદ્‌ન ઉલટુ વર્તન કરીએ છીએ.રાજકીય પક્ષો અને મતદારો - બન્ને અનુક્રમે મત મેળવવા અને મત આપવા માટે બીનસાંપ્રદાયીકતા સીવાયનાં જ મુલ્યોને પસંદગી આપે છે.

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

ચોકકસ વીસ્તારમાં ચોકકસ કોમના માણસો બહુસંખ્ય છે તેથી તે કોમના માણસને તે વીસ્તારનો ઉમેદવાર બનાવવાનો નીર્ણય રાજકીય પક્ષો એટલા માટે લે છે કે એમને ખાતરી છે કે એ બહુમતી સભ્યો ઉમેદવારની લાયકાત જોવાના નથી અને રાજકીય પક્ષનો ચુંટણી ઢંઢેરો વાંચવાના નથી. મતદારો તો પોતાની કોમનો ઉમેદવાર છે એટલે એને જ મત આપવાના. મતદારોની આવી વીચારસરણી છે તેથી રાજકીય પક્ષો કોમને ધ્યાનમાં રાખીને ઉમેદવારો પસંદ કરે છે. આ પસંદગીની પ્રક્રીયામાં અને મત આપવામાં બીનસાંપ્રદાયીકતાનું તો કોઈ સ્થાન જ નથી.

ચુંટણીમાં જ જો બીનસાંપ્રદાયીકતાને સ્થાન નહીં હોય તો તેવા ચુંટાયેલા ઉમેદવારોની સરકારો અને વીરોધ પક્ષો બીનસાંપ્રદાયીક રહે એવી આશા રાખવી એ એક અવાસ્તવીકતા છે. જો બીનસાંપ્રદાયીકતા જ પછીતમાં ચાલી જાય તો રાજ્ય તરફથી રેશનાલીઝમને પ્રોત્સાહન મળે, કે રેશનાલીસ્ટોને રક્ષણ મળે એવી અપેક્ષા તો રાખી શકાય જ નહીં.

બીનસાંપ્રદાયીકતાને હડસેલીને જે ચુંટણીઓ અત્યાર સુધી લડાઈ તે કોમના પાયે લડાઈ. હીંદુ, મુસલમાન, શીખ, જૈન, વગેરે કોમના પ્રધાન્યને તપાસીને જે તે વીસ્તારમાં ઉમેદવારોની પસંદગી થતી હતી. અત્યારે ગુજરાતમાં અને અન્યત્ર જે વાતાવરણ પેદા થયું છે તેમાં કોમવાદથી પણ વધારે સંકીર્ણ એવા જાતીવાદ આધારીત વીચારસરણીએ જોર પકડવા માંડયું છે. હીંદુ પ્રજા અનેક જાતીઓમાં વહેંચાયેલી છે. દરેક જાતીને પોતાની શ્રેષ્ઠતાનું અભીમાન છે. એ વધુ ને વધુ પ્રભાવક બનવા માંગે છે. કંઈ કેટલાયે આગેવાનો એવા છે કે તેઓ જાતીને આગળ વધારવા માટે હીન્દુ ધર્મને થતા નુકસાનને પણ વીચારતા નથી. ખાસ કરીને ચુંટણી ટાણે આ આગેવાનો પોતાની જાતીના મુખીયા બની જાય છે. તેઓ પોતાની જાતીના મતદારોની સંખ્યાના આધારે ઉમેદવારોની પસંદગીનો આગ્રહ રાખે છે. સત્તાલાલચુ રાજકીય પક્ષો એ આગ્રહને વશ થવા માંડયા છે. પરીણામે હવે જે ચુંટણીઓ થઈ રહી છે અને હવે પછી થશે તેમાં હીન્દુ-મુસલમાન-શીખને બદલે પટેલ, બ્રાહ્મણ, ઠાકોર વગેરે જાતીની ઓળખવાળા ઉમેદવારો મેદાનમાં આવશે. આમ આપણી ચુંટણીઓ પહેલા

(અનુસંધાન પાના નં-૪ ઉપર)

# રેશનાલીઝમ જીવનનું એક્સ-રે

**-તંત્રીલેખ**

સાંપ્રત સમયમાં અને એ પણ વીજ્ઞાન યુગમાં જો કોઈ ઉત્તમોત્તમ જીવન પદ્ધતી હોય તો તે છે રેશનલ અર્થાત્ વીવેકબુદ્ધીસભર જીવનપદ્ધતી ! પ્રાચીન યુગમાં અલ્પ વીજ્ઞાન, ટાંચાં સાધનો તથા વીજ્ઞાનની ક્ષીતીજો અવીકસીત હતી તેથી માણસ અંધશ્રદ્ધાળુ, વહેમી, જડ માન્યતાઓના જાળામાં લપેટાયેલો હોય એ સ્વાભાવીક છે, પરંતુ અર્વાચીન યુગમાં જયાં જ્ઞાન-વીજ્ઞાનની ક્ષીતીજો આટલી વીકસીત હોય, જ્ઞાન-વીજ્ઞાનનો પ્રકાશ ચારેકોર જયારે ઝળહળતો હોય ત્યારે પણ માણસ જુની પરંરાઓ અને માન્યતાઓને વળગી રહે એટલું જ નહી, પણ અંધશ્રદ્ધાના ખાળકુવામાં હજુયે ડુબકી મારતો રહે એને વીજ્ઞાન યુગની કરુણતા અને વીડંબના જ કહેવાય ને !

રેશનાલીઝમની ઈમારત જે પાયા પર ઉભી છે એ પાયાનું નામ છે 'વીજ્ઞાન'. બીજા શબ્દોમાં કહીએ તો રેશનાલીઝમની ઈમારતમાં જે સીમેન્ટ વપરાય છે તેનુ નામ છે 'વીજ્ઞાન'. રેશનાલીઝમનું ગંતવ્ય 'સ્થાન કે મંઝીલ' છે 'વીવેકબુદ્ધીવાદ' અને ત્યાં પહોંચવાનું સાધન છે, 'વીજ્ઞાન' ! અર્થાત્ વીજ્ઞાન સાધન છે અને સાધ્ય છે વીવેકબુદ્ધી.

રેશનાલીઝમ જીવન જીવવાની શ્રેષ્ઠ પદ્ધતી કે જીવન રીતી હોવા છતાં આમ લોકોમાં એની જે લોકપ્રીયતા હોવી જોઈએ અથવા આમ વ્યવહારમાં એનું ચલણ જે માત્રામાં વધવું જોઈએ તે નથી વધતું. આ પરીસ્થીતીનાં મનોવૈજ્ઞાનીક કારણોનું વીશ્લેષણ થવું જોઈએ. સામાન્ય રીતે એવું કહેવાય છે કે લોકોને જેટલો 'મેજીક'માં રસ પડે છે એટલો 'લોજીક'માં નથી પડતો...કારણ કે કોઈ પણ માનવીય જીવન સમસ્યા કે વીટંબણાઓથી મુકત નથી હોતું. કેટલીક સમસ્યાઓ માનવ જીવનમાં અનીવાર્યપણે આવી પડે છે. આવી ઘડીએ દરેક વ્યકતી મનોમન એવું ઈચ્છતી હોય છે કે કોઈ એવો ચમત્કાર થાય કે જેથી એની તમામ સમસ્યા હલ થઈ જાય. તે ઘડીએ જ માણસ ઈશ્વરના શરણે અને વીધી-વીધાનને ચરણે જતો હોય છે. પરંતુ જો માણસ વૈજ્ઞાનીક અભીગમ કેળવે તો જીવનમાં આવનારી મુશ્કેલીઓથી બચી જતો હોય છે, અથવા તો આવી પડનાર મુશ્કેલીઓનો સામનો કેમ કરવો એ વૈજ્ઞાનીક અભીગમ શીખવતું હોય છે, માણસને કલર ફોટો જેટલો ગમતો હોય છે એટલો એકસ-રે ફોટો નથી ગમતો. કલર ફોટા મન બહલાને કે લીયે અચ્છા હૈ પણ એકસ રે જીવનની ભીતરી

વાસ્તવીકતા અને નગ્ન સત્ય હોય છે....ધર્મ કે અધ્યાત્મ એ કલર ફોટા જેવું હોય છે, જે તમને ઘણી વખત ભ્રમણાઓમાં રાચતા કરી દે છે જયારે રેશનાલીઝમ એ એકસ-રે જેવું હોય છે, જે તમને સચોટ સત્ય બતાવી જીવનની સમસ્યાઓની સાચી સારવાર કરવા પ્રેરે છે.

કલર ફોટા માણસને ગેરરસ્તે દોરે છે. આ ફોટાના કલર ‘પાપ’ની કહેવાતી સનીના ભય અને ‘પુણ્ય’ની કહેવાતી લાભની લાલચના હોય છે. આ બધું કાલ્પનીક છે. કલ્પનાના રંગ આકર્ષક રહેવાના જ. આથી માણસ ધર્મ કે અધ્યાત્મ પાછળ ગાંડો બની જાય છે; બીજી બાજુ રેશનાલીઝમ થકી જીવનની વાસ્તવીકતા માણસ સમક્ષ પ્રસ્તુત થાય છે.આ વાસ્તવીકતાને સમજવી અને તેમાંથી અત્યારનો દુન્યવી મહત્તમ આનંદ અથવા ન્યુનતમ દુઃખ કેવી રીતે પ્રાપ્ત કરવું તેની મથામણ રેશનાલીઝમ છે. આમ રેશનાલીઝમ ભુમી પર લાવે છે, અને મહત્તમ આનંદના દરવાજા ખોલી આપે છે.

---

(ચાલુ...પાના નં.-૨નુ)

બીનસાંપ્રદાયીકતાને ત્યાગીને કોમવાદ આધારીત બની, અને હવે જાતી આધારીત બનવા માંડી છે. કોમના આગ્રહને કારણે આપણા દેશના એકાધીક રાજકીય પક્ષો જે તે ધર્મની ઓળખ બન્યા છે. એ રાજકીય પક્ષો અખંડીત ભારતના પ્રતીનીધી બની શકતા જ નથી. તેઓ ખંડીત ભારતના પ્રતીનીધી બને છે. અહીં સુધી તો આપણા રાજકીય પક્ષોમાંના કેટલાંક રાષ્ટ્રીય સ્તરે કામ કરી શકયા, પરંતુ જાતીથી ઓળખવાનું શરુ થતા આપણા રાજકીય પક્ષોની કોઈ રાષ્ટ્રીય ઓળખ જ રહેશે નહીં કારણ કે એવી કોઈ જાતી જ નથી કે જેની સમગ્ર દેશના ખુણેખુણે બહુમતી હોય ! જાતીવાદી આધારીત ચુંટણીઓ રાષ્ટ્રીય રાજકીય પક્ષોની ઘોર ખોદે એવી દરેક સંભાવના છે. મતદારોએ પણ આ દેશ-દુનીયાના ભલા માટે બીનસાંપ્રદાયીક વલણ જ અપનાવશે એવું રાજકીય પક્ષો સમક્ષ સ્પષ્ટ કરવું પડશે. અન્યથા જાતી આધારીત રાજકારણ ઘણા સંઘર્ષો, ઝઘડા અને શેરીનાં યુદ્ધો તરફ દેશને લઈ જશે. ભારતની અખંડીતતા જેવું કંઈ રહેશે જ નહીં. બીનસાંપ્રદાયીકતાથી પ્રજા રેશનાલીઝમ તરફ જાય તો જ પહેલા અખંડ ભારત, અને પછી વૈશ્વીક માનવવાદ તરફ આપણે જઈ શકીશું. અન્યથા જાતીવાદથી તો આપણે ટુકડા-ટુકડામાં ભાંગીને ભુકકો થઈ જઈશું.

# બાળગંગાધર વીરુદ્ધ બાળકૃષ્ણ

**–અતુલ પાઠકજી**

'આઝાદી મારો જન્મસીદ્ધ અધીકાર છે.' એમ કહેનાર લોકપ્રીય સ્વાતંત્ર્ય સેનાની લોકમાન્ય બાળગંગાધર તીલકે ભારતમાં 'ગણપતી વીસર્જન સરઘસ'ની શરુઆત કરી.

તેમનું એવું માનવું હતું કે દેશમાં શહેરે શહેરે દર વર્ષે આનંદ ચૌદસના દીવસે ગણપતી વીસર્જનનું સરઘસ કાઢવામાં આવશે તો દેશમાં રાષ્ટ્રીય ભાવના વધશે તેમ જ રાષ્ટ્રીય એકતા સ્થપાશે.

તે સમયે બાળગંગાધર તીલકની વીરુદ્ધમાં પણ જોરદાર મત હતો.

તે સમયના વરાછા તેમ જ કતારગામના જાગીરદાર, નામાંકીત એડવોકેટ, લગભગ ૩૦ ભાષાઓ જાણતા વીદ્વાન,ભાષાશાસ્ત્રી, હીન્દીને ભારતની રાષ્ટ્રભાષા બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહેનાર હીન્દીપ્રેમી અને જાણીતા સુધારાવાદી તેમ જ રેશનાલીસ્ટ ચીંતક બાળકૃષ્ણ પાઠકજી એમ કહેતા કે, 'શ્રી તીલકના વીચારો મુજબ દર વર્ષે આનંદ ચૌદસના દીવસે બધાં શહેરોમાં ગણપતી વીસર્જન સરઘસ કાઢવાનું શરુ થાય તો તેને કારણે કંઈ રાષ્ટ્રીય ભાવના વધશે નહીં, કે રાષ્ટ્રીય એકતા સધાશે નહીં.' ગણપતી વીસર્જન સરઘસને કારણે ઉલટી ટ્રાફીકની સમસ્યા ઉભી થશે, પબ્લીક ન્યુસન્સમાં વધારો થશે, અને કોઈ કોઈ વાર કોમી તંગદીલી પણ ઉભી થશે.'

આ વાતની ચર્ચા કરવા માટે પાઠકજી ખાસ પુના તીલકને મળવા ગયા. શ્રી તીલકે તેમ જ તેમના મંત્રી અને તેમના ન્યુઝ પેપર 'કેસરી'ના સહતંત્રી બેરીસ્ટર સદાશીવનારાયણ દીક્ષીતે તેમનું સ્વાગત કર્યું. તેમની સાથે ગણપતી વીસર્જન સરઘસના મુદ્દે સવીસ્તર ચર્ચા કરી. લાંબી ચર્ચાને અંતે પણ ગણપતી વીસર્જન સરઘસના મુદ્દા પર બંને સંમત થઈ શકયા નહીં.

શ્રી તીલકે પોતાના વીચારો પર જ આગળ વધવાનું નકકી કર્યું. આથી પાઠકજીએ ગણપતી વીસર્જન સરઘસ વીરુદ્ધ લોકમત ઉભો કરવાનો નીર્ણય લીધો.

શ્રી બાળકૃષ્ણ પાઠકજીએ ભારતનાં અગ્રણી દૈનીકોમાં તેમ જ સામયીકોમાં બાળગંગાધર તીલકના ગણપતી વીસર્જન સરઘસ શરુ કરવાના વીચારોની વીરુદ્ધમાં સવીસ્તર લેખો લખ્યા. આ ઉપરાંત તેમણે દેશના મોટાં શહેરોમાં ફરી ફરી જાહેર સભાઓ યોજવા માંડી, અને તેમાં ગણપતી વીસર્જન સરઘસ અંગે તીલકના વીચારો વીરુદ્ધ પ્રવચન કરવા માંડયાં, જેથી સારા પ્રમાણમાં લોકમત ગણપતી વીસર્જન સરઘસ વીરુદ્ધ ઉભો થવા લાગ્યો.

તીલકે પણ આ પ્રચારનો સામનો કરવાનું વીચાર્યું. તેમણે તેમ જ શ્રી સદાશીવનારાયણ દીક્ષીતે ગણપતી વીસર્જન સરઘસ શરુ કરવા અંગે અનેક ન્યુઝ પેપરોમાં લેખો લખ્યા. આ ઉપરાંત દેશનાં કેટલાંક મોટાં શહેરોમાં જઈ તીલકે તેમ જ અન્ય શહેરોમાં જઈ બેરીસ્ટર સદાશીવનારાયણ દીક્ષીતે લોકોને ગણપતી વીસર્જન સરઘસ દર વર્ષે શરુ કરવાથી થતા ફાયદાઓ સમજાવતાં પ્રવચનો કર્યાં.

સદાશીવનારાયણ નામાંકીત બેરીસ્ટર હતા. તેઓ તીલકનાં બે દૈનીક ‘કેસરી’ અને ‘મરાઠા’ના સહતંત્રી હતા. ‘કેસરી’ અને ‘મરાઠા’માં તેઓ અંગ્રેજ સરકાર વીરુદ્ધ પોતાની તીખી તમતમતી ભાષામાં નીયમીત રીતે લેખો લખતા. વધુમાં તેઓ તીલકના મંત્રી તરીકે પણ કામ કરતા. આ ઉપરાંત તેમણે ‘ગુજરાતી સાહીત્ય પરીષદ’નું બંધારણ પણ ઘડયું હતું.

દેશમાં તીલકની જબરદસ્ત લોકપ્રીયતાને કારણે ધીમે ધીમે ગણપતી વીસર્જન સરઘસની એક પછી એક શહેરમાં શરુઆત થઈ ગઈ. પાઠકજીએ આ બાબતનો જોરદાર વીરોધ કર્યો હોવા છતાં તેમનું કશું જ ચાલ્યું નહીં.

પાઠકજી તે જમાનામાં પણ પુરેપુરા રેશનાલીસ્ટ હતા. તેઓ કોઈ પણ ધર્મમાં કે ઈશ્વરમાં જરા પણ વીશ્વાસ ધરાવતા ન હતા.

આજે આ વાતને સવા સો વર્ષ થઈ ગયા પછી ‘ગણપતી વીસર્જન સરઘસ’ને કારણે ટ્રાફીકની મોટી સમસ્યા સર્જાઈ છે. આને કારણે ખુબ જ નોઈઝ પોલ્યુશન થઈ ગયું છે તેમજ જબરદસ્ત પબ્લીક ન્યુસન્સ સર્જાઈ રહ્યું છે. એનાથી રાષ્ટ્રભાવનામાં કોઈ વધારો થતો નથી. પાઠકજી આજે સાચા પડયા છે.

---


**વાંચો :**

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોં કી ભીતરમેં રૂા. ૩૦ (ગુજરાતીમાં પણ) | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

**‘સત્યાન્વેષણ’નું વાર્ષીક લવાજમ રૂા. ૧૦૦/–, આજીવન રૂા. ૧૦૦૦/–**

**મ. ઓ. કરો.**

# શું ગાય પવીત્ર અને ઉપયોગી છે ?

–સ્વામી શ્વેતાનંદજી મહારાજ

ગાય, ગંગા અને યજ્ઞ એ આપણા હીન્દુ ધર્મની પ્રાચીન ધરોહર ગણાય છે. અત્યારે પણ તેનું મહત્ત્વ ઓછું થયું નથી. ભલે પછી તેનું અર્વાચીન મુલ્ય કંઈ ન હોય. આ ખુબ સંવેદનશીલ મુદ્દો છે. માટે તેના વીશે તટસ્થ બોલવું કે લખવું પણ બધા ટાળતા હોય છે. તેમ છતાં સત્ય છુપાવવું એ અધર્મ છે, એમ વેદ કહે છે.

દુનીયાની દષ્ટીએ ગાય એક સામાન્ય પ્રાણી છે. પણ આપણા ધર્મ પ્રમાણે તે પવીત્ર અને પુજ્ય ગણાય છે કારણ કે ગાય પ્રાચીન સમયમાં ધન ગણાતું. તેનું દાન દેવાતું હતું. ખેતી પછી પશુપાલન એ જ મુખ્ય ઉદ્યોગ હતો. બીજા કોઈ ઉદ્યોગ ન હતા. ભગવાન શ્રીકૃષ્ણ ગાય પાળતા હતા તેથી તે પવીત્ર અને પુજનીય બની. શ્રીકૃષ્ણ ભેંસ પાળતા હોત તો આજે આપણે ભેંસને પુજતા હોત, અને તેના દુધ, દહીં ઉપરાંત છાણ, મુત્રના ગુણગાન ગાતા હોત. આખરે આપણે ગુલામ તો ધર્મના જ ને ! સારું-ખરાબ કે સાચું-ખોટું જાણવું છે જ કોણે ? દુનીયામાં ઓછા-વધતાં અંશે બધે એવું જ છે. વીરોધીઓએ ઈસુ ખ્રીસ્તને લાકડાના ક્રોસ પર ખીલા ઠોકીને મારી નાંખ્યા હતા, એટલે ક્રોસ પવીત્ર થઈ ગયો.એના અનુયાયીઓ ક્રોસને પુજે છે. જો કે ક્રોસથી ઈસુનો બચાવ થયો ન હતો, મૃત્યુ થયું હતું. માટે અપવીત્ર અને તીરસ્કૃત હોવો જોઈએ, પણ બધા ક્રોસને પવીત્ર ગણી તેનું લોકેટ પહેરે છે, પુજા કરે છે. જો ફાંસી અપાઈ હોત તો બધા ગળામાં ગાળીયાના લોકેટ પહેરીને ફરતા હોત ! ધર્મભકતી હંમેશાં આંધળી હોય છે. તેમાં તર્ક કે તથ્ય હોતાં નથી, અને તે હોવા વીશે વીચારાતું પણ નથી.

'પરીવર્તન સંસારનો નીયમ છે.' ભગવત ગીતા. સમય પ્રમાણે બધું બદલાતું હોય છે, પણ ખુદ વૈષ્ણવ ધર્મ પોતાની માન્યતાઓ બદલવા તૈયાર નથી, પછી ભલે ગીતામાં કહયું હોય કે વર્તમાન સમયમાં જે યોગ્ય ન હોય તેમાં પણ પરીવર્તન કરો. પ્રાચીન સમયમાં ભેંસ જંગલી પ્રાણી હતું. લગભગ એકાદ હજાર વર્ષથી તેને પાળવામાં આવી છે. ગાય પાંચ હજાર વર્ષ પુર્વથી પળાય છે, પણ ગાય કરતાં ભેંસનું દુધ ઘાટું અને પૌષ્ટીક હોય છે. આપણી ચા, મીઠાઈ, ચીઝ, પનીર વગેરે તમામ જરુરીયાત ભેંસનું દુધ જ પુરુ પાડતી હોય છે. ગાય, બકરી કે બીજા પ્રાણીઓનું એમાં કામ નથી. ભેંસના દુધમાં પાણી નાંખો તોય ગાય-બકરીના આખા દુધની ચા કરતાં એની ચા સારી થાય. ભેંસ અત્યારે ના હોત તો ૨૦૦ રુપીયે મળતી દુધની મીઠાઈ ૧૦૦૦ રુપીયામાં પણ ના મળે. ઘી રુ. ૩૦૦ ને બદલે ૧૫૦૦ માં વેચાતું હોત. પીવાની એક ચા રુ. ૧૦ ને બદલે રુ. ૫૦ નું કપ મળતી હોત.

આજે ભેળસેળવાળું દુધ ૫૦ રુપીયે લીટર મળે છે, પણ જો ભેંસને ગાય જેટલું મહત્ત્વ આપવામાં આવે તો અડધા ભાવે (હા. રુ. ૨૫)માં ચોખ્ખું દુધ બધાને મળી શકે. ગાયના ૧૦૦ રુપીયાના ખર્ચ સામે રુ. ૫૦નું દુધ મળે છે. જ્યારે ભેંસના ૨૦૦ રુ.ના ખર્ચ સામે રુ. ૫૦૦નું દુધ મળે છે. ભેંસનો ખોરાક બમણો હોય છે, પણ રોજ સરેરાશ ૧૦ લીટર તો દુધ આપે જ. આપણા દેશમાં ૮૦ ટકા ગાયો તો દુધ આપતી જ નથી. જે આપે છે તે ઘણું ઓછું હોય છે, અને ઘાસચારો તો પુરો પાડવો જ પડે. ૫૦ ટકા ગાયો ગૌશાળામાં રહે છે. ૨૦ થી ૨૫ ટકા માલીકો પાળે છે. ૨૦-૨૫ ટકા ગાયો રોડ પર રહે છે. જો તેને બદલે ઘાસચારો ભેંસને મળે અર્થાત્ ભેંસો વધુ પાળવામાં આવે તો અડઘી કીંમતે ચોખ્ખું દુધ જરુર મળી શકે છે. આમાં જરાય અતીશયોકતી નથી. (આંકડાકીય માહીતી વર્ષ ૨૦૧૫ મુજબ છે.)

આજની તારીખે  સામાન્ય લોકોને જેના દુધ વગર ચા, કોફી અસંખ્ય મીઠાઈ, અન્ય બનાવટો મળવી શકય નથી એ ભેંસ જેટલું ઉપયોગી પ્રાણી બીજું કોઈ નથી. ગાય કરતાં વધારે ઉપયોગી-કીંમતી છે. માટે ભેંસ રાષ્ટ્રીય પ્રાણી હોવું જોઈએ. ગાયનું દુધ ઉત્તમ છે-ઉત્તમ છે તેવો પ્રચારમારો કરવામાં આવે છે, પણ તેનાથી ગાયનું દુધ ઉત્તમ નથી બની જતું. ગાયનું દુધ પીવાથી બુદ્ધી વધે તે વાતને વૈજ્ઞાનીક સમર્થન નથી. આપણા પુર્વજો ગાયનું જ દુધ પીતા હતા. જો એમનામાં બુદ્ધી આવી હોત તો ૨૦૦ વર્ષ સુધી આપણે ગુલામ ના બન્યા હોત. દુનીયાની ૦.૧ ટકા વૈજ્ઞાનીક શોધ પણ ભારતની નથી. ભોળી પ્રજાને ભટકાવાય છે. યોગ્ય માર્ગદર્શનની જરુર છે. અનુભવ ઉત્તમ જ્ઞાન છે. ગાયનું જે દુધ રુ. ૪૦ માંય મોંઘુ પડે એ ૭૦-૮૦ માં અને ઘી ૩૦૦ ને બદલે ૧૦૦૦-૧૨૦૦ માં વેચાઈ જાય છે, તો ય ગાય પાળવી મોંઘી પડે છે. તે બતાવે છે કે કહેવાતા દાવા કેટલા ખોખલા છે. કોઈ પણ સબસીડી વગર બે ભેંસ પાળીને એક કુટુંબનું ગુજરાન થઈ શકે છે. ગાયને કારણે આપણે બીજા પ્રાણીઓને અન્યાય કરીએ છીએ.

એક સત્ય એ પણ છે કે ગીર ગાય ઉત્તમ ઓલાદની છે. બ્રાઝીલ કે જે ભારત કરતાં ત્રણ ગણો મોટો દેશ છે, તેણે વર્ષો પહેલાં ગીરની ગાય અને ધણખુંટ મંગાવીને તેનું સંવર્ધન કરી ગાયો વીકસાવતાં આજે તેના અર્થતંત્રની એ ધરી બની છે. તેનો ત્યાં જઈ અભ્યાસ કરવો જોઈએ. આ જરુર ગર્વનો વીષય છે.  ગીર ગાય આપણી હોવા છતાં આપણે તેનાથી સદ્ધર થઈ શકયા નથી, પણ અદ્ધર જરુર થઈ ગયા છીએ. કેટલાક લોકો ધાર્મીક પ્રચારથી પ્રેરાઈને ગાય પાળે છે પણ પછી થાકી જાય છે. રોજ બે વ્યકતીના ખોરાક જેટલો ખર્ચ, અને એક માણસનું કામ વધે છે. ગંદકી, મચ્છર થાય તે જુદા.

ગાયને રુ. ૧૦૦નું ઘાસ આપીએ તો રુ. ૧૦નું ખાતર પ્રાપ્ત થાય છે. પણ જો તેનો

ગોબર ગેસ પ્લાનમાં ઉપયોગ થાય તો રુ. ૧૦ નું સારી જાતનું સેન્દ્રીય ખાતર મળે છે અને રુ. ૨૦ નો રાંધણગેસ પણ મળે છે. તે તો ગમે તે પ્રાણીમાંથી મળે. તો ય રુ. ૬૦ની નુકસાની એલઈડી બલ્બ અને સોલાર રુફથી પૈસા બચાવીએ પણ બીજી બાજુ આવા ધાર્મીક ક્ષેત્રમાં આવા વેડફાટનાં ક્ષેત્રો કરીએ છીએ. આને કહેવાય, 'ખાળે ડુચા અને દરવાજા ઉઘાડા.'

'ગાયમાં ૩૩ કરોડ દેવતાનો વાસ છે.' બધા શાસ્ત્રો ભેગા કરો તો પણ ૩૩ કરોડ શબ્દો ના થાય, તો એટલા દેવો કયાંથી હોય ? બધાને નામ તો આપવાના કે નહીં ? ગાયમાં ૩૩ કરોડ દેવતાનો વાસ હોય તો તે આપણી દયાની મોહતાજ ના હોય, આપણા પર દયા કરતી હોય, ઉકરડા ફંફોળતી ના હોય, તેને કોઈ મારી પણ ના શકે. અરે મારવાનો વીચાર કરે તો તેનું જ મોત થઈ જાય. શું આપણે ગાયને બચાવવા જવું પડે ? ગાયમાં થોડા દેવતા પણ હોત તો આપણું રક્ષણ તે કરતે. આપણી આસપાસ રોગ શું દુશ્મનો પણ ફરકી શકે નહીં, અને જ્યાં હોય ત્યાં ભુમી સ્વર્ગથી સમૃદ્ધ હોય. દેશ ગુલામ જ થયો ન હોત. આના પ્રમાણો મળવા જેઈએ. ખાલી ખોટી વાતોનાં વડાં કરીને ગુમરાહ કરે તે તો પ્રજાના દુશ્મન ગણાય. ગૌ સંમેલનોમાં ખુબ જ ખોટા અને અતીશયોકતીપુર્વ દાવાઓ થાય છે, પણ પુર્વે કહ્યું તેમ ધર્મમાં કોઈ સત્ય જોતું નથી. જો કે ધર્મનો આધાર સત્ય જ હોવો જોઈએ, પણ આ ક્ષેત્રમાં જેટલા ખોટા અને મોટા અહોભાવ દેખાડો તેટલા તમે મહાન. આ સંદર્ભે ભોળી અને વેવલી પ્રજાનું તો પુછવું જ શું ? ના પાડો તોય ધનના ઢગલા કરી છે. ઝુકી ઝુકીને માનપાન આપે. આપણે તો એટલું જ જોઈતું હોય, લોકો અને દેશ જાય તેલ પીવા, શું કહો છો ?

રાજસ્થાનના પથમેડામાં એક લાખ ગાયો ધરાવતી ગૌશાળા છે. એક ગાયનો નીભાવખર્ચ સામાન્ય રીતે ૧૦૦ રુપીયા થતો હોય છે. (ઘાસચારો, પાણીની વ્યવસ્થા, દવાઓ રાખવાનો ખર્ચ, મજુરોનો પગાર, વીજળી-વાહન ખર્ચ વગેરે) એટલે કે તે ગૌશાળાનો દરરોજનો ખર્ચ રુ. એક કરોડ થાય છે. એક સામાન્ય કર્મચારીની આખી જીંદગીની નોકરીનો પગાર એક કરોડ થતો નથી. લોકોના ફંડફાળા અને સરકારી સહાય પર જ આવી ગૌશાળાઓ ચાલે છે. ગૌરક્ષકો ગાયોના નામે પૈસા ચાવી જાય છે, એટલે એ લોકો ગાયો વીશે ઉન્માદ જગાવી રાખે છે. (જો કે ગાય કેમ આર્થીક રીતે પરવડે તેના કેટલાક પ્રયત્નો કરે છે તે સારું ગણાય. પણ હજુ સુધી એને સફળતા મળી નથી) ગુજરાતમાં પાંચ હજાર ગૌશાળાઓ છે, તો દેશમાં કેટલી હશે ? રોજ અબજોના ખર્ચ થાય છે. સરકાર પણ લોકોનું માન જાળવવા કરોડોની મદદ કરે છે, પણ આ ખર્ચ છેવટે તો સામાન્ય માણસના ખભે જ આવે છે. જે મોંઘવારીમાં વધારો કરે છે. આ ખર્ચથી કરોડો લોકોને મફત અનાજ આપી શકાય અથવા લાખો યુવાનોને રોજગારી આપી શકાય. આજે આ યુવાનોના દેશમાં કરોડો યુવાન બેરોજગાર બને છે.

ગાય માટેનો કાયદો ફકત ધર્મ સાચવવાનો છે. ભગવાન કૃષ્ણ તો ખુશ થતા હશે, પણ અત્યારે તો દેશનાં બાળકો ભેળસેળીયું દુધ પીને માંદા પડી રહ્યા છે. તેનું પાપ કોને લાગતું હશે ? આપણે જેની ગાયોને ખુબ લાડકોડથી પાળીએ છીએ તે ભગવાન કૃષ્ણ પ્રસન્ન થઈને પણ ભેળસેળ અટકાવી શકતા નથી, તો પછી તેનો લાભ શું ? હા, એમાં ધર્મ લાભ છે ને, અને ધર્મ પણ લાભ માટે જ પાળીએ છીએ ને, શું નથી લખતા આપણે લાભ, શુભ દરેક જગ્યાએ ? ભગવાન પાસે પણ સમૃદ્ધી (પૈસા) જ માંગીએ છીએ ને. ઘણા એવી દલીલ કરે છે કે ભેંસના દુધમાં ચરબી વધુ હોવાથી પચવામાં ભારે હોય છે. જો કે ઘણાને ચરબી વગરનું દુધ પણ પચતું નથી. ભેંસના દુધમાં બે ટકા જ ચરબી હોય છે, પણ આપણે જે ઘી ખાઈએ છીએ તે ૧૦૦ ટકા ચરબી છે, તેને ગણતા નથી. દુધને ગરમ કરવાથી ચરબી દુર કરી શકાય છે, જે બાળકો માટે સુપાચ્ય છે. ભેંસ ડોબું છે. તેના દુધથી બુદ્ધી ના આવે. હકીકતમાં માણસનો બુદ્ધી આંક કુદરતી હોય છે. જન્મથી ડીએનએમાં નકકી હોય છે. અભ્યાસ, ટ્રેનીંગ, આત્મચીંતનથી સુધારો કરી શકાય છે.

પ્રાચીન ધાર્મીક દ્રષ્ટીએ ગાય પવીત્ર ન હતી. વેદ પુરાણો અને મનસ્મૃતીમાં ધાર્મીક વીધીઓ માટે ગાયને મારી નાખવામાં આવતી હતી. (ગૌમેધ યજ્ઞ), દેવોને ખુશ કરવા માટે ૧૦૮, ૧૦૦૮, પશુઓની યજ્ઞોમાં બલી ચઢાવવામાં આવતી. તેમાં ગાય પણ સામેલ હતી. રાજાઓ દ્વારા મહાયજ્ઞો થતા અને બધી જ ધાર્મીક વીધીઓ બ્રાહ્મણો કરતા. જેમાં દરેક પ્રકારના પશુઓનું માંસ ધાર્મીક મંત્રો સાથે હોમવામાં આવતું, અને ચારે દીશાઓમાં ઉડાડવામાં આવતું. પહેલા હીન્દુ પ્રજા માંસાહારી જ હતી. ધર્મગ્રંથોમાં આવું અરુચીકર ઘણું છે, પણ તે બધું આપણને બતાવવામાં આવતું નથી. તેના માટે મુળ ધર્મગ્રંથો વાંચવા પડે. આજે જીવદયાનો અતીરેક જોવા મળે છે. ત્રાસવાદીઓને અહીંસક બનાવ્યા વગેરે જીવદયાનો કોઈ અર્થ નથી. આપણા દેશમાં ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામી પેદા થયા ન હોત તો આજે આપણે માંસાહારી હોત. માત્ર દેવોને ખુશ કરવા હજારો પ્રાણીઓને મારી નાંખતા જોઈ ગૌતમ બુદ્ધ વ્યથીત થયા હતા અને તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો. ખુદ બુદ્ધ આજીવન માંસાહારી હતા. એમનો વીરોધ પશુઓના અકારણ વધ સામે હતો.

ગાયને માત્ર ધાર્મીક દ્રષ્ટીએ જ પાળવામાં આવે છે. જો ગાય ધાર્મીક રીતે પુજનીય ન હોત તો (શ્રી કૃષ્ણે ગાયને બદલે ભેંસ પાળી હોત તો) બે ટકા ગાય પણ જોવા મળતે નહી. ગાય આજે એક સૌથી બીનઉપયોગી (નકામું) પ્રાણી છે. પશુ ડોકટરો (વેટેનરી)ને પુછશો તો જણાવશે કે ગાયના ગોબરથી ધનુર થઈ શકે છે, મુત્ર કે તેના અર્કથી કોઈ રોગ દુર થતા નથી. તેનું દુધ સર્વોત્તમ પણ નથી. ગાય કરતાં કુતરા, હાથી, ઘોડા, ડોલ્ફીન વધારે બુદ્ધીશાળી

પ્રાણી છે. વગેરે...(કુતરા સીવાય) બીજાં પ્રાણીઓ રસ્તા પર જોવા મળતા નથી. ગાય જોવા મળે છે. તેના કારણે રોજ અસંખ્ય અકસ્માતો થાય છે,કેટલાય ડોકટરોનાં ઘર ભરાય છે અને કેટલાય મરે પણ છે. ઘોડા, ગધેડાં, ભેંસ કે બીજા કોઈ પ્રાણી કેમ રસ્તા પર જોવા મળતા નથી ? ધાર્મીકતાવશ જ આપણે ગાયનાં મળ-મુત્રના પણ અતીશયોકતીપુર્ણ ગુણગાન ગાઈએ છીએ. બાકી તેના મળમુત્ર પણ બીજા  પ્રાણીઓ જેવા જ છે. શું આપણા બહારથી આવેલા પુર્વજોએ નકકી કર્યુ હશે કે આ પ્રજાને પશુઓના મળમુત્ર ચુંથતી કરી દેવી ?

ગાયથી દેશને દરરોજ હજારો કરોડનું નુકસાન થાય છે, પણ ગૌભકતો પોતાની આવક અને માનપાન બંધ ના થાય તે માટે લોકોમાં ગાયો પ્રત્યે ધાર્મીક ઉન્માદ જગાવી રાખે છે. લોકોમાં એવું ભુસું ભરાઈ જાય છે કે તેઓ ગાય માટે મરી ફીટે છે. ઘણીવાર ગાયો બચાવવાના પ્રશ્ને મુસ્લીમો સામે ટકરાવ થાય છે અને ઘણા મુસલમાનો મરી જાય છે. થોડા સમય પહેલાં ગુજરાતમાં ૬ ગૌભકતોએ ગાયને રાષ્ટ્રીય પ્રાણી ઘોષીત કરવા, સરકાર પર દબાણ કરવા માટે ઝેરી દવા પીધી હતી. તેમાંના બે મરી ગયા હતા.  તો ઉપયોગી હોય રાષ્ટ્રીય પ્રાણી ગણવું જોઈએ. ગાયને બહુ બહુ તો ધાર્મીક પ્રાણી કહી શકાય. સીંહ કે વાઘને પણ રાષ્ટ્રીય પ્રાણી બનાવવું જોઈએ નહીં. વર્ષોથી વાઘ રાષ્ટ્રીય પ્રાણી હોવા છતાં પ્રજા વાઘ જેવી થઈ નથી. પ્રેરણા લેવી હોય તો વાસ્તવીક ચીંતનથી જ શકય છે.

થોડા સમય પહેલાં ઉના શહેરમાં કેટલાક ગૌભકતોએ મૃત ગાયનું ચામડું ઉતારતા દલીત યુવાનોને ઢોરમાર માર્યો હતો. તેની વીડીયો વાઈરલ થતાં ગુજરાતમાં વર્ગવીગ્રહ થયો હતો. તેમાં ચાલીસેક ગૌભકતોની ધરપકડ થઈ હતી. આમ, ગાય જેવા સામાન્ય પ્રાણીના પ્રશ્ને લોકોમાં સંઘર્ષ થતો હોય છે. પણ એ કયારે... ? આવા અધાર્મીક ઉન્માદ વધારીએ ત્યારે. આપણે દુશ્મનો કયાંય શોધવાની જરુર નથી. આપણે જ તેને પાળીએ છીએ. દુધ પાઈને સાપ ઉછેરીએ છીએ. એમ એક સામાન્ય પ્રાણીના પ્રશ્ને આટલું નુકસાન વેઠતા હોઈએ તો બીજાં હજુ ઘણાં ક્ષેત્રો છે, એટલે આપણો દેશ ભલે વીસ્તારમાં સાતમા ક્રમે હોય પણ વીકાસમાં (ગરીબી, પછાતપણું, ઝુપડપટ્ટી, માથાદીઠ આવક વગેરેમા) ૧૩૦ ના ઉપરના ક્રમે છીએ. આપણે મહાન બનવું હોય તો નકકર સત્ય પચાવતા શીખવું પડશે. નકામા ઢોર પાછળ પાગલ પ્રજાનો કોઈ ઈતીહાસ હોતો નથી અને સાચો ધર્મ પણ હોતો નથી. (ના સમજાય તો ફરી વાંચો).

**શ્રી સ્વામી શ્વેતાનંદજી મહારાજ (સંદર્ભ પુસ્તક ‘કયાં ઈશ્વર હૈ ?’ વીવેકપંથી-ઓગષ્ટ-૧૭માંથી સાભાર)**

# શ્રમનું મહત્ત્વ શ્રેષ્ઠ શા માટે ?

**–મોહનભાઈ પટેલ**

આજના બેઠાડુ જીવનમાં એ.સી. રુમમાં નોકરી કરતા કે વૈભવી જીવન નીભાવતા લોકોને જાડાપણું, હાર્ટએટેક, ડાયાબીટીસ અથવા અન્ય રોગો સહેલાઈથી થઈ શકે છે. આ વાસ્તવીકતા વચ્ચે પણ તમે વૈભવી જીવન જીવતા હો તો જાણી લો કે શ્રમજીવી-આપ કમાઈથી તંદુરસ્ત મજુરનું જીવન નીરોગી બની શકે છે અને એ લાંબુ આયુષ્ય ભોગવી શકે છે.

મહાત્મા ગાંધીજીનું મહત્ત્વનું કથન યાદ રાખવા જેવું છે. ગાંધીજીએ કહ્યું હતું કે, 'હું બૌદ્ધિક શ્રમ કરતાં શારીરીક શ્રમને શ્રેષ્ઠ ગણું છું.' આ કથન-સુત્રને સમજવાની ખાસ જરુર છે. જેનું શરીર કેળવાય છે તેની મગજ શકતીનો વીકાસ પણ થતો હોય છે. વીદ્વાનો કહે છે કે, 'જો જગતમાં તમારે તરવું હોય તો હાથપગ ઉપર ભરોસો રાખો.' મહેનત સાથે મહોબત રાખનારા વધુ સુખી હોય છે.

જગતના જે બુદ્ધીજીવીઓ, વૈજ્ઞાનીકો-લેખકો-કવીઓ-ચીંતકો-તત્ત્વજ્ઞાનીઓનાં શરીર તંદુરસ્ત હોય છે તેઓ લાંબુ આયુષ્ય ભોગવીને જગતને ઉત્તમ કાર્યની ભેટ ધરી શકયા છે. તેના અનેક દાખલાઓ જોવા મળશે.

આજે તો રેશનલ અભીગમ અને વૈજ્ઞાનીક દષ્ટીકોણ અભીગમની ખાસ આવશ્યકતા છે. તેવા સમયે શારીરીક શ્રમની અવગણના કરીને સીદ્ધીના શીખરોએ પહોંચી શકાય નહી....માત્ર ને માત્ર નસીબને ભરોસે બેસીને ઉચ્ચ સ્થાને જઈ શકાય નહી. 'પરીશ્રમ એ જ પારસમણી' નું સુત્ર અપનાવીએ તો જ હરીફાઈમાં ટકી શકીશું. ગાંધીજીએ સાચું જ કહયું છે કે, 'ભારતમાં આળસ એ મહારોગ છે.' જીવનમાં સતત આગળ વધવા માટે ઉદ્યોગ-પરીશ્રમ-સ્વચ્છતા-વૈજ્ઞાનીક અભીગમ અને હકારાત્મક દષ્ટીકોણ જરુરી છે. બાળપણના સંસ્કાર, આધુનીક કેળવણી અને સામાજીક દષ્ટીકોણમાં જગતની સાથે પરીવર્તનશીલ રહીને પ્રગતી શકય બનાવી શકાય છે.

# ચીંતન કણીકા

સંપાદન : **મોહનભાઈ પટેલ**

* નસીબને ભરોસે બેસી રહેવું તે કાયરતાની નીશાની છે.
* ભયના કારણે દેવોની કલ્પના સાકાર બની છે.

# માળા છોડ, તસબી તોડ, કીતાબે ડાલ પાનીમેં

**–એન. વી. ચાવડા**

**'માલા છોડ, તસબી તોડ, કીતાબે ડાલ પાની મેં. ન મર ભૂખા ન રખ રોજા, ન જા મસ્જીદ, ન કર સીજદા, હુકમ હૈ શાહ કલંદર કા અનલહક તું કહાતા જા.'**

દીલ્હીમાં તાજેતરમાં સુફી કોન્ફરન્સ મળી ગઈ. તેના અનુસંધાનમાં એક મહા સુફી સંત મન્સુર મસ્તાનાની યાદદાસ્તમાં સંઘરાયેલી કેટલીક ઉપરોકત કાવ્ય પંકતીઓ યાદ આવી ગઈ. ઈસ્લામના સુફી સંતો અને હીંદુના કબીર, રૈદાસ, નાનક આદી નીર્ગુણ સંતો લગભગ મધ્યયુગના એક જ સમય ગાળામાં થઈ ગયા. આ બન્ને પ્રકારના સંતો મંદીર-મસ્જીદ, પુજા-પ્રાર્થના-બંદગી, જપમાળા-તસબી, મુર્તીપુજા, તીર્થયાત્રાઓ, સ્નાન-સીજદા, ગુરુ અને ગ્રંથ પામાણ્ય અને તમામ પ્રકારનાં કર્મકાંડો અને અંધશ્રદ્ધાના વીરોધીઓ હતા. પરીણામે મુસલમાનોના મુલ્લા અને હીંદુઓના મહંતો આ સુફી સંતો અને નીર્ગુણ સંતો ઉપર ભારે ખફા રહેતાં. કહેવાય છે કે માળા, તસબી, મસ્જીદ, રોજા અને સીજદાનો વીરોધ કરનાર સુફી સંત મન્સુર મસ્તાનાના સ્થાપીત હીતોએ બહુ ખરાબ રીતે કાપીને કટકા કરી નાંખ્યા હતા. રૈદાસ, ચૈતન્ય અને ચોખામેળાના ખુન કરી નાખવામાં આવ્યા હતા. જ્ઞાનેશ્વરને જીવતા જમીનમાં દાટી દેવામાં આવ્યા હતા. તુકારામ અને મીરાબાઈને અલોપ કરી દેવામાં આવ્યા હતા. કબીર જેવા અનેકને અનેક રીતે પરેશાન કરવામાં આવ્યા હતા. એકનાથ અને તુકારામના સાહીત્યને નદીમાં ડુબાડી દેવામાં આવ્યું હતું.

સુફી સંતો અને નીર્ગુણ સાધુઓ ઉપર થયેલા આવા બધા અત્યાચારોનું કારણ એ હતું કે તે બધા લગભગ આજના યુગના રેશનાલીસ્ટો જેવા હતા. તેઓ મનુષ્યને જ સર્વશ્રેષ્ઠ અને ઈશ્વર માનતા હતા. મન્સુર મસ્તાના 'અનલહક' બોલતા હતા, તેનો અર્થ થાય છે 'હું જ બ્રહ્મ (ઈશ્વર) છું' મનુષ્યની ઉપર કોઈ-અલૌકીક ઈશ્વર નથી. બાઉલસંત કવી ચંડીદાસે કહયું છે કે 'સાબાર ઉપરે માનુષ સત્ય, તાહાર ઉપર નાહી' અર્થાત્ સૌથી ઉંચું સત્ય માનવી છે, તેનાથી પરમ કોઈ નથી.' અરે, આપણા મહાકવી વ્યાસજીએ પણ અતી પ્રાચીનકાળના બૃહસ્પતી જેવા લોકાયતોના પ્રભાવમાં આવીને મહાભારતમાં કહેવું પડયું છે કે 'નાહી માનુષાત શ્રેષ્ઠતરં હી કીંચીત' અર્થાત્ 'મનુષ્યથી શ્રેષ્ઠ કોઈ નથી.'

વાસ્તવમાં આ સુફી અને નીર્ગુણ સંતો કોઈ ધર્મના સંતો નહોતા. તેઓ ધર્મ-સંપ્રદાય નીરપેક્ષ, વર્ણ-જાતીથી પર એવા અવધુત અને અદ્‌ભુત માનવીઓ હતા. સમાજના સ્થાપીત હીતો દ્વારા થતા સાર્વત્રીક અને સર્વાંગી શોષણના તેઓ વીરોધી હતા. બુદ્ધ અને મહાવીરની જેમ જ તેઓ પંચશીલ (સદાચાર) અને પ્રજ્ઞા વીવેકબુદ્ધી ઉપરાંત પ્રેમ, સેવા અને અહીંસાના પ્રચારકો હતાં.

# વાચકોના મીતભાષી અભીપ્રાયો

**મોહન પટેલ, મુંબઈ :** આપે મોકલેલ ૧૫/૧૦/૧૭નો અંક મળ્યો. 'સત્યાન્વેષણ'માં આવતું લખાણ ચીવટપૂર્વક વાંચું છું. ઘણી વખતે લાગ્યું છે કે, સત્યશોધનની જગ્યાએ એમાં રાજકારણ ઘુસી જતું હોય છે. દુશ્મનોને પંપાળવા અને તેમને પોષીને વધારે મજબુત બનાવવા તેના જેવું કોઈ મોટું પાપ નથી.

દેશના સલામતી સામે ઉભા થનાર ભયને સામેથી નોતરવા તે ડહાપણ નથી. આપણા દેશે આ કહેવાતા સેક્યુલરીઝમના નામે ઘણી બધી મુશ્કેલીઓ વહોરી લીધી છે. 'સર્વધર્મ સમભાવ'ને ભૂલીને કોઈ એક લઘુમતી જાતને પંપાળવી, પોષવી, એનાથી થતા ઉપદ્રવને નજરઅંદાજ કરવો, આ કંઈ ડહાપણની વાતો નથી. જેણે બીજાઓના ધર્મ, સંસ્કૃતી અને સંસ્કારનો ખ્યાલ ન રાખ્યો હોય એને કચડવામાં જ પોતાનો ધર્મ માન્યો હોય તેવાઓનો પક્ષ લેવો, અને સાચાને ડરાવવાનો પ્રયત્ન કરવો એમાં પણ કોઈ ડહાપણ નથી. દેશમાં ઉભી થયેલી વીટંબણાઓને ઘટતી રીતે સામનો કરવો એ આપણી ફરજ છે. આપણે એ પણ ન ભુલવું જોઈએ કે, સુ કી ભારતમાં ભણેલી. ભારતીય સંસ્કૃતી, હીંદુ કહો કે બૌદ્ધ-તેનાથી રંગાયેલી એક અનુપમ સ્ત્રી છે. ભારત માટે ચાહના ધરાવે છે. તેને ઉતારી પાડવા કરતાં તેની બાજુ સમજવી, અને એનાં કાર્યોને નીષ્પક્ષપણે અવલોકવા અને સાચું 'સત્યાન્વેષણ' છે.

( નોંધ : મોહનભાઈ 'સત્યાન્વેષણ' ચીવટાઈથી વાંચે છે તે જાણીને અમને આનંદ જ થાય. 'સત્યાન્વેષણ'માં રાજકારણ દાખલ નહીં પડે તેની કાળજી લેવામાં આવે જ છે, છતાં તે રાજકારણ કે જે સમાજમાં ભાગલા પડાવતું હોય, અને અવૈજ્ઞાનીકતાને પોષતું હોય તેની આલોચના 'સત્યાન્વેષણ' કરે છે. દા. ત. મોદી એમ જણાવે છે કે ગણપતીનું હાથીનું માથું સુચવે છે કે ભારતમાં સર્જરીની વીદ્યા હસ્તગત હતી તો તેની આલોચના કરવી જ પડે. એમાં રાજકારણ નથી. સત્યાન્વેષણ છે. દુશ્મનોને પંપાળતું અને તેને પોષતુ કોઈ લખાણ 'સત્યાન્વેષણ'માં પ્રસીદ્ધ થયું નથી. એસેયુલારીઝમ એટલે કે બીનસાંપ્રદાયીકતા રાજયને ધર્મથી અલગ કરે છે. જયારે સર્વધર્મ સમભાવે રાજયને દરેક ધર્મનું ભાગીદાર બનાવે છે. 'સત્યાન્વેષણ'માં લઘુમતી કે બહુમતી કોઈને પંપાળવાનું લખાણ પ્રસીદ્ધ થયું નથી, પરંતુ ધર્મના નામે લઘુમતી/બહુમતી પર હુમલા થાય તેને વખોડવામાં આવે જ છે. એ વખોડવું જ જોઈએ. દા. ત. 'ગાયના શબ પરથી ચામડું કેમ ઉતારો છો ?' પુછીને ગુજરાતમાં દલીતોને

મારવામાં આવેલ ઢોરમારનો વીરોધ કરવો તે સત્યાન્વેષણ છે. બધા જ ધર્મો હીંદુ, મુસલમાન, ખ્રીસ્તી વગેરેએ અન્ય ધર્મ અને તેના પાળનારાઓ પર, એમની સંસ્કૃતી પર હુમલા કર્યા જ છે. આજે ભારતમાં હીંદુ ધર્મમાં માનનારા ખાસ કરીને મુસલમાનો પર વીના કારણે હુમલા કર્યે જ જાય છે. ઓકટોબર-૨૦૧૭ના 'સત્યાનવેષણ'ના અંકમાં જણાવવામાં આવ્યું જ છે કે મે-૨૦૧૨ના અંકમાં સુ કી ની પ્રશંસા કરવામાં આવી હતી. એ જ સુ કી માનવતાને નેવે મુકી લશ્કરની મદદ લઈને નીર્દોષ લોકો પર તુટી પડે, એમને એમના રહેઠાણો અને વીસ્તારમાંથી કાઢી મુકે, એમની કતલ કરે-આ બધું જો મોહનભાઈને હીંદુ સંસ્કૃતી લાગતી હોય તો તે અભીપ્રાય એમને મુબારક ! સુ કી કઈ સંસ્કૃતીની છે, કયા ધર્મને પામનારી છે કે એ ભારત માટે ચાહના ધરાવે છે કે કેમ એ સવાલો ચર્ચામાં જ નથી. 'સત્યાન્વેષણ' એ મુદ્દા પર ભાર મુકે છે કે સુ કીએ એની પ્રજા પર જે જુલમો કર્યા છે તે અમાનવીય છે. એના એ જુલમોને પરીણામે ભારતમાં સુ કી ના દેશના નાગરીકો આશ્રય માટે આવ્યા છે. સુ કી એના દેશમાં દુષ્કૃત્યો કરે, અને એનો ભોગ બાંગ્લાદેશ અને ભારત બને અને તેમ છતાં સુ કી જો માનવતાવીરોધી પ્રશસ્તીઓની ટીકા નહીં કરવી એવા મોહનભાઈના માનવતા વીરોધી વલણને ટેકો આપવાના અભીપ્રાય સાથે 'સત્યાન્વેષણ' સહમત થઈ શકતું નથી.

---

૧૯૦૫ માં ફ્રાંસે સંપુર્ણ બીનસાંપ્રદાયીક બંધારણ સ્વીકારીને રાજય સાથેનો ચર્ચનો સંબંધ તોડી નાંખ્યો, જે ચર્ચની હાજરી રાજયના દરેક કાર્યમાં એકવાર સ્પષ્ટ દેખાતી હતી....(જસ્ટીસ આર. એ. જહાંગીર (નીવૃત્ત) 'રેશનાલીસ્ટ સ્પીકસ'માં)

*　　*　　*

ઈસ્લામમાં લગ્ન એક કરાર છે. આથી એ કરારને ધર્મ સાથે કશું લાગતું વળગતું નથી. (જસ્ટીસ આર. એ. જહાંગીર (નીવૃત્ત) 'રેશનાલીસ્ટ' સ્પીકસ'માં)

*　　*　　*

ભારતમાંના લઘુમતીઓ વીદેશથી આવીને વસ્યા નથી. તેઓ ભારતના ભુમીપુત્રો છે. રાજયની સરહદોની પુનઃ આંકણીને પરીણામે તેઓ ભારતમાં આવ્યા નથી. જે 'અખંડ ભારત'ની સંકલ્પના છે તેમાં પણ આ કોમો તો લઘુમતી જ રહેતે . આજનો પ્રત્યેક મુસલમાન દરેક દષ્ટીએ સો ટકા ભારતીયજન છે. (જસ્ટીસ આર. એ. જહાંગીર (નીવૃત્ત) 'રેશનાલીસ્ટ સ્પીકસ'માં)

# ભારતમાં ચુંટણીઓમાં આવતો કોમવાદી-જાતીવાદી વળાંક

**ડો. બી. એ. પરીખ**

૧૯૪૭ પહેલાંના કોમવાદી હીંદુ-મુસ્લીમ સંઘર્ષોના કડવા પરીણામો, તેમ જ દેશના ભાગલાથી પાઠ શીખીને ભારતે પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના નેતૃત્વ નીચે ધર્મને પછીતમાં રાખી દેશમાં સર્વધર્મસમભાવ, રાજયનો કોઈ એક ધર્મ પ્રત્યે પક્ષપાત નહી એવું માત્ર પ્રજાનું જ રાજય લોકશાહી, પ્રજાસત્તાક તંત્ર સ્વીકાર્યુ. આઝાદીનાં ૭૦ વર્ષો દરમ્યાન આજે ભારતમાં ૨૯ રાજયો તેમજ ૬ કેન્દ્ર શાસીત વીસ્તારો છે. દરેક રાજયનાં વહીવટ, તેની ચુંટાયેલી વીધાન સભાના બહુમતી ધરાવતા પક્ષ દ્વારા ચાલે છે. કેન્દ્રીય વહીવટ લોકસભાના ચુંટાયેલા સભ્યોએ તે સભ્યોમાંથી ચુંટાયેલા નેતા, દેશના વડા પ્રધાન અને તેણે પસંદ કરેલા મંત્રીમંડળ દ્વારા ચાલે. ભારતની લોકસભામાં દરેક રાજય અને વીસ્તારમાંથી તેની વસ્તી પ્રમાણે પોતાનામાંથી ચુંટાયેલા સંસદ સભ્યો-કુલ હાલ ૫૪૫-લોકસભામાં બેસે છે. લોકસભાની સૌથી પ્રથમ ચુંટણી ૧૯૫૨ મે માં થઈ. હાલ ૨૦૧૪માં ચુંટાયેલ ૧૬ મી લોકસભા ચાલે છે. ગુજરાત રાજયની સ્વતંત્ર અલગ રાજય તરીકે સ્થાપના ૧ મે ૧૯૬૦ થી થઈ. હવે ૨૦૧૭ ડીસેમ્બરમાં નવી ચુંટણી થવાની જાહેરાત થઈ ગઈ છે.

ભારતના સ્વાતંત્ર્ય પ્રાપ્તી સમયમાં કેવળ એક જ રાજકીયપક્ષ પ્રમુખ હતો ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ. પછી ૭૦ વર્ષ દરમ્યાન કેન્દ્રીય સમગ્ર દેશના તેમ જ રાજયોના પ્રાદેશીક હીતો અનુસાર પ્રાદેશીક અનેક રાજકીય પક્ષો અસ્તીત્વમાં આવ્યા છે.

આદર્શ એ હતો કે ભારત એ પાકીસ્તાન કે કેટલાક મુસ્લીમ દેશોની જેમ ધર્મકેન્દ્રી રાજય ન કરવું. તેથી તેના રાજકીય પક્ષે તેમ જ પ્રતીનીધીઓની પસંદગી ધર્મ અનુસાર કરવી નહીં.

સ્વાતંત્ર્યના આરંભનાં વર્ષોમાં ભાગલા પછી નવા દેશ ભારતમાં મુસ્લીમ પ્રજા થોડી ભયભીત હતી. બીનસલામતીના ડરથી બીતી હોય તેથી સ્વાભાવીક રીતે આ મુસ્લીમ વસ્તીને સલામતીની ખાતરી મળે તે માટે મુસ્લીમ પ્રજા સાચવવી જોઈએ, અને મુસ્લીમ પ્રતીનીધીઓ ચુંટાય એવી કાળજી અને નીતી મુખ્ય રાજકીય પક્ષ કોંગ્રેસે અપનાવી. આ એક પ્રજાના વર્ગને ઘરપત સલામતી આપવાની કોંગ્રેસની નીતી કાળક્રમે તેમના માટે સ્થાપીત માલીકીની જેમ આગવી વોટબેન્ક બની ગઈ, અને જો અજાણે મુસ્લીમો પ્રત્યે પક્ષપાત, તેમના

ઉપર સુધારા, વીકાસ-પ્રગતી માટે દાબદબાણ નહીં એવી પંપાળવાની નીતી કોંગ્રેસ પક્ષમાં દાખલ થઈ ગઈ. આમ કોંગ્રેસનું મુળભુત વલણ, કોમવાદી ન હોવા છતાં એની વ્યવહારુ નીતીમાં ઈસ્લામ તરફી કોમવાદી ઝોક આવતો ગયો.

ભારતની પ્રજા, જુથો, ધર્મપુજા, ભાષાજુથો, વંશજુથોની, જ્ઞાતીજુથોની બનેલી છે. તેથી જેમ જેમ દરેક જુથની વસતી વધતી ગઈ, તેમનામાં રાજકીય જાગૃતી આવતી ગઈ એમ દરેક પ્રજા જુથે પોતાના હીતો વીષે રાજકીય પ્રભુત્વ મેળવવાની દીશામાં વીચારવા માંડયું. દેશના ઘણાં રાજયોમાં ધર્મ, વંશ, ભાષા કે જ્ઞાતીના હીતોને અનુગ્રહીને રાજકીય પક્ષો ઉભા થવા માંડયા. દા. ત. ભટ, યાદવ, મરાઠા, ગુર્જર એવા જ્ઞાતીપ્રધાન રાજકીય પક્ષો, મુસ્લીમ, અકાલી દળ, જનસંઘ અને ભારતીય જનતા પાર્ટી, શીવસેના જેવા ધર્મ કેન્દ્રીત રાજકીય પક્ષો, તામીલનાડુ, આંધ્ર પ્રદેશ, તેલંગણા, મહારાષ્ટ્ર, પશ્ચીમબંગાળ, બીહાર, ઉત્તરપ્રદેશ, ઓડાસા વગેરે રાજયોમાં કેવળ પ્રાદેશીક હીતને જ કેન્દ્રમાં રાખી રચાયેલા સ્થાનીક પક્ષો, દલીત, પછાત વર્ગોના હીતોને કેન્દ્રમાં રાખી રચાયેલા બહુજન સમાજ પાર્ટી વગેરે અસ્તીત્વમાં આવ્યા. આ સીવાય રાજકીય મહત્વાકાંક્ષા ધરાવતા કેટલાક કોંગ્રેસ પક્ષથી અલગ પડી જુદો ચોકો કરનારા પણ કેટલાક પક્ષો એનસીપી, જનતા દળ, વગેરે અસ્તીત્વમાં આવ્યા છે.

ભારતમાં આદીવાસી તેમ જ પછાત-દલીત વર્ગોનો મોટો સમુહ સદીઓથી તરછોડાયેલો છે. વર્ગોની મોટી વસતી છે. આ અત્યંત પછાત પ્રજાસમુહને સામાન્ય પ્રવાહ સુધી ખેંચી લાવવા માટે તેમનામાં રાજકીય જાગૃતી આવે તે માટે લોકસભા તેમ જ રાજયોની વીધાન સભાઓમાં અનુક્રમે ૧૫ ટકા અને ૭ ટકા બેઠકોની અનામત આપવામાં આવી છે. વળી આ વર્ગને સરકારી શીક્ષણ સંસ્થાઓ તેમજ નોકરીઓમાં પણ અનામતના લાભ અપાયા છે. કેવળ સ્થાનીક તેમ જ ચોકકસ પ્રજાજુથોના હીતોને કેન્દ્રમાં રાખી રાજયની નીતીઓ ઘડાય એવું દબાણ જુદા જુદા રાજયોમાં જે પ્રજાજુથો, જ્ઞાતીજુથો કે વંશજુથો કરે છે. તેઓ કહે તે પ્રમાણે એમના વર્ચસ્વવાળી સરકારો રચાય છે. આમ રાજકીય નેતાઓએ પોતાના અંગત હીતો રાજકીય સત્તા દ્વારા સધાય તે માટે આ જ્ઞાતી, ધર્મજુથોને ભાષા પ્રમાણે પ્રાધાન્ય આપ્યુ છે. આજે દેશના મોટા ભાગનાં રાજયોમાં આવા ચોકકસ જુથોના જ હીતો જળવાય તેવી સરકારો સત્તા પર છે. આ સંકુચીત જુથવાદી, જ્ઞાતીવાદી નીતી લોકશાહીના નામે અમલમાં મુકાઈ છે !

લોકશાહી એટલે લોકના તમામ વર્ગનું યોગ્ય પ્રતીનીધીત્વ. માત્ર એકાદ જુથનું પ્રભુત્વ નહીં. ભારતમાં ૧૯૫૨ની પ્રથમ લોકસભામાં મુસ્લીમ વસતીના ૨૩ લોકસભા સભ્યો હતા. ૨૦૧૪ ની લોકસભામાં ૨૨ મુસ્લીમ સભ્યો છે. ૭૦ વરસમાં મુસ્લીમ વસતી વધી છતાં લોકસભામાં મુસ્લીમ સભ્યોની સંખ્યા વધી નથી, છતાં વક્રતા એ છે કે મુસ્લીમોના મતો અંકે કરવા માટે ધર્મનીરપેક્ષ, મુસ્લીમહીત રક્ષક હોવાનો દાવો કરતા આ અનેક પક્ષો ફુટી નીકળ્યા છે. મુસ્લીમોના મતો મેળવવા માટે તેમને જાતજાતની લાલચો, વચનોની લહાણી કરવામાં આવે છે.

રાજયોની નીતી હીંદુવાદી, હીંદુતરફી (એટલે ઈસ્લામની અવગણના) હોવાનું જગજાહેર છે. રાજયોનું કહેવું એમ છે કે અત્યાર સુધી કોંગ્રેસના શાસનમાં હીંદુઓની અવગણના થઈ છે. મુસ્લીમોને પંપાળવામાં આવ્યા છે. વસ્તીના ૮૪ ટકા હીંદુઓ હવે કોંગ્રેસથી નારાજ થઈને ભાજપા હીંદુવાદી પક્ષ તરફ વળ્યા છે. આમ ભારતમાં લોકશાહીમાં કોમવાદી, ધર્મ તરફી વલણ મજબુત થતું જાય છે. તેના પુરાવા શોધવા જવાની જરુર નથી. ભાજપ પ્રગટપણે પોતે હીંદુવાદી પક્ષપાત જાહેર કરે છે. લોકસભામાં ચુંટાયેલ ૨૨ મુસ્લીમ સભ્યોમાંથી એકપણ મુસ્લીમ સભ્ય ભાજપની ટીકીટ પર ચુંટાયેલો નથી. રાજયસભામાં ભાજપ તરફથી બે મુસ્લીમ સભ્યો મોકલવામાં આવ્યા છે, અને તે નવા નથી. તેઓ સભ્યો હતા જ. મુદત પુરી થતા ફરી મોકલવામાં આવ્યા છે. ભાજપ પોતાની બીનસાંપ્રદાયીકતા, આ બે મુસ્લીમ સભ્યો દ્વારા વારંવાર જાહેર કરે છે.

લોકસભામાં હાલ ૨૨ મુસ્લીમ સભ્યો પૈકી મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, ગુજરાત, રાજય જેવાં મોટાં રાજયોમાંથી એક પણ મુસ્લીમ સભ્ય લોકસભામાં નથી. દેશનાં ઘણાં રાજયોમાં જાણે જાણે અજાણે હીંદુવાદી મત પરત્વે પક્ષપાત વધતો જાય છે. ઉત્તર પ્રદેશની તાજેતરમાં યોજાયેલ ચુંટણીમાં ભાજપએ એક પણ મુસલીમ ઉમેદવાર ઉભો રાખ્યો નહોતો.

ગુજરાત રાજયમાં લોકશાહી પરીસ્થીતીનું વીવરણ કરીએ. ગુજરાતમાં ૧૯૯૪થી ભારતીય જનતા પક્ષ સત્તામાં છે. આજ દીન સુધી ૨૩-૨૪ વર્ષોના ભાજપના વહીવટમાં ભાજપ પક્ષ તરફથી ગુજરાતની ૧૦ ટકા મુસ્લીમ વસતીનો એકપણ વીધાન સભ્ય નથી. હાલની ચાલુ વીધાનસભામાં ૧૮૨માંથી ઓછામાં ઓછા ૧૭-૧૮ મુસ્લીમ સભ્યો હોવા જોઈએ,

પરંતુ માત્ર  એક જ મુસ્લીમ વીધાનસભ્ય છે. તે પણ કોંગ્રેસ પક્ષ દ્વારા ચુંટાયેલો. મુસ્લીમ સભ્ય જ વીધાન સભામાં ન હોય તો ૨૫ સભ્યોના મંત્રી મંડળમાં તો મુસ્લીમ મંત્રી તો હોય જ નહીં. આમ ગુજરાતમાં નીતાંત હીંદુવાદી જ સરકાર છે, અને કેવળ હીંદુ હીતવર્ધન માટે જ કામ કરે છે.  હાલ હવે ૨૦૧૭ના ડીસેમ્બરમાં ગુજરાત વીધાનસભાની ચુંટણી નક્કી છે. તે ચુંટણી જીતવા માટેની બાજી ગોઠવવામાં ભાજપ તેમ જ કેન્દ્રીય નેતાગીરી બંને કાવાદાવા, ખેલ રમતો ગોઠવી રહયા છે.

ગુજરાત રાજયમાં છેલ્લી ૨૩-૨૪ વરસથી ચાલતી રાજકીય સત્તા યેનકેન પ્રકારેણ ચાલુ રહેવી જ જોઈએ એવા ભાજપની પ્રતીજ્ઞાથી આજે લોકશાહીને તદ્‌ન બાજુએ મુકી જાતીવાદી, કોમવાદી, રાજકારણ પ્રભુત્વ વધતું જાય છે.

ગુજરાતની વસ્તીના ૧૫ ટકા આદીવાસી, ૯ ટકા દલીત, ૧૨ ટકા પટેલ, ૨૪ ટકા પછાત વર્ગો અને ઈતર સવર્ણ કહેવાતા તો ચારેક ટકા જ.

ગુજરાત રાજયના ભાજપના વર્તમાન શાસનમાં અન્યાયનો, ભેદભાવની લાગણી અનુભવતાં ત્રણ મોટાં જુથો છે, દલીત વર્ગ-નેતા જીજ્ઞેશ માવાણી, પછાત વર્ગનો અલ્પેશ ઠાકોર,  પટેલ નેતા હાર્દીક પટેલ અને બીજા હવે આ ઉગતા નેતાઓ પણ આજના રાજકારણને પુરા પામી ગયા છે. તેઓ જાણે છે કે પ્રમુખ રાજકીય પક્ષો ભાજપ તેમ જ કોંગ્રેસ-સામસામે  બંને રાજકીય પક્ષના નેતાઓ આ જુદાંજુદાં જુથોના નેતાઓ સાથે વાટાઘાટો, સોદાબાજી કરી તેમને પોતાના પક્ષ તરફ વાળવા, મતો મેળવવા જાતજાતની પ્રગટ, અપ્રગટ યોજનાઓ  ગોઠવી રહયા  છે. આવી રાજકીય રમતોમાં લેનીદેનીનું-નાણાંનું જોર તો હોય જ. અફવાઓ આવે છે, નીવેદનો પણ આવે છે કે આ જુથના નાના મોટા નેતાઓને લાખો-કરોડોની રકમ આપી પોતાના તરફ ખેંચવાના પ્રયત્નો થાય છે, ખેંચવામાં આવ્યા છે. વળી ગુજરાતમાં કોળી પટેલો, ભરવાડો-આહીરો મોટી સંખ્યામાં છે. કેટલીક વીધાનસભા બેઠક વીસ્તારોમાં આ જુથોનું વર્ચસ્વ છે. એટલે આ જુથના નેતાઓ સાથે પણ સોદાબાજી થાય છે. ગુજરાતમાં મુસ્લીમ વસ્તી ૧૦ ટકા છે, પરંતુ મોટા ભાગે છુટી છવાઈ. ભાજપને અત્યાર સુધી મુસ્લીમ મતો વગર ચાલ્યુ છે, એટલે આ ચુટણીમાં પણ મુસ્લીમ ઉમેદવાર ભાજપ તરફથી પસંદ થવાની શકયતા નહીવત્ છે. આમ ભાજપ બહુજ પ્રગટ રીતે હીંદુવાદી પક્ષ છે.  તે વળી આજે કોઈપણ રીતે બહુમતી મેળવવાના આશયથી જાહેર પ્રજાના હીતોને બાજુએ મુકી રાજકીય પક્ષો પટેલ, પછાત, દલીત વગેરે વર્ગોના જ હીતો જાળવવાની સંકુચીત નીતી અપનાવવામાં લોકશાહી મુલ્યોનો ભંગ જોતા નથી. પટેલો ભાજપથી નારાજ

થવાનું મુખ્ય કારણ તેમની 'અનામત' માટેની માંગણી છે. જે બંધારણીય રીતે કોઈપણ ભોગે સંતોષી શકાય તેમ નથી, છતાં ચુંટણીમાં મત જોઈતા હોય, એટલે આકાશી વચનો રાષ્ટ્રીય પક્ષો તરફથી આ જુથોના નેતાઓને આપવામાં આવે છે.

ભારતમાં જુદાં જુદાં રાજયોમાં તેમ જ કેન્દ્રમાં પણ બધુ જ લોકશાહી રીતે, ચુંટણીઓ દ્વારા જ લોકશાહી, ઉદારમતવાળી, સમાનતા, પક્ષવીહીનતા ધર્મનીરપેક્ષતાના મુલ્યોનું હનન થાય છે અને કોમવાદ, જાતીવાદ, જ્ઞાતીવાળા બળોને પ્રોત્સાહન સમર્થન આપવામાં આવે છે. સીત્તેર વરસ પછી લોકશાહી કયા પહોંચવી જોઈએ અને કયાં પહોંચશે ? આ બધું લોકશાહી પદ્ધતી દ્વારા જ થાય છે, એ આપણી વીડંબના છે. આથી નેહરુ અને તેના સમકાલીન નેતાઓએ પક્ષીય સંસદીય લોકશાહી દ્વારા બીનસાંપ્રદાયીકતા અને તે દ્વારા દેશને વધુને વધુ રૅશનાલીઝમ તરફ લઈ જવાનું જે સ્વપ્ન સેવેલું તે આજે તો રગદોળાયેલું દેખાય છે. આ પરીસ્થીતીમાં રૅશનાલીસ્ટોએ પોતપોતાના વર્તુળમાં બીનસાંપ્રાદાયીકતા અને રૅશનાલીઝમના પ્રસાર માટે શકય તેવા વધારે પ્રયત્નો કરવા જોઈએ.

## સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો



### કાળી ચૌદસે કંકાસને કાઢયો !

આપણે ત્યાં જરા વીચીત્ર માન્યતા છે કે કાળી ચૌદસે રાત્રે તદ્‌ન તાજા તળેલાં વડાં ચાર રસ્તા પર કે સડક પર ફેંકવાથી ઘરમાંથી કંકાસ જાય. રૅશનાલીસ્ટોએ એવા પ્રયત્ન કરવાના હોય કે આવી અવીવેકી માન્યતામાંથી લોકો મુકત થાય. આ કામ ઘણો લાંબો સમય માંગે છે. વચગાળામાં વડાં ફેંકાય જ છે. વ્યય થાય છે. આથી લોકોને આ માન્યતામાંથી મુકત થવા સમજાવવું, અને બીજી બાજુ આ રાંધેલાં વડાંનો બગાડ નહીં થાય તે હેતુથી લોકોને સમજાવવા. સડક પર વડાં ફેંકવાને બદલે સભાએ રસ્તા પર મુકેલા બકેટ વગેરેમાં મુકે. મોટા ભાગના લોકોએ આ વાત સ્વીકારી. આથી મધુભાઈ કાકડીયાની આગેવાની હેઠળ સુરતના વીવીધ વભાગોના સત્યશોધક સભા આ જ લોકો પાસેથી કવીન્ટલબદ્ધ વડાં મેળવ્યા. ચૌદસ-અમાસની આત્રે ત્રણ વાગ્યા સુધી આ કાર્યક્રમ ચાલ્યો. ભેગાં થયેલાં વડાં જરુરતમંદોને વહેંચવાનું કામ પણ સુપેરે પાર ઉતર્યું. કારોબારી સભ્ય કીર્તી માંડલેવાળાએ પણ સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો.

# અર્થશાસ્ત્ર અને રેશનાલીઝમ

**–સુર્યકાન્ત શાહ**

છેલ્લા તા. ૧૫-૧૦-૧૭નાઅંકમાં (ટાઈટલ-૨, ૩, ૪) અર્થશાસ્ત્ર નોબેલ પુરસ્કૃત રીચાર્ડ થેલરના યોગદાનની મેં કરેલી ચર્ચા સંદર્ભે કેટલીક પૃચ્છા આવી છે. એ સંદર્ભે આ ચર્ચા આગળ ચલાવીએ તો અર્થશાસ્ત્રમાં પણ રેશનલ (વીવેકબુદ્ધીવાદી) વર્તનને સ્થાન આપવામાં આવ્યું છે તેવું ઈતીહાસ જોતા સમજાય છે. એડમ સ્મીથ સહીત ઘણા અર્થશાસ્ત્રીઓએ એવું વર્તન માણસ કરે છે એવી **ધારણા કરી.**

આ ધારણાના આધારે અર્થશાસ્ત્રના માંગના સીદ્ધાંતને તપાસીએ. માંગનો સીદ્ધાંત ઘણી બાબતો પ્રતીપાદીત કરે છે. એમાંની એક બાબત એ છે કે ‘ભાવ વધે તો માંગ ઘટે.’ હવે આ વીધાન ત્યારે જ થઈ શકે કે જ્યારે બજારમાં ગ્રાહક રેશનલ વર્તન કરે. એના ખર્ચનું જે બજેટ છે, તેની મર્યાદામાં રહીને જ એ ખર્ચ કરે તો એ વર્તન રેશનલ ગણાય. જે ચીજના ભાવ વધ્યા છે તે ચીજની જરુરીયાત અને તેમાંથી મળતા આનંદને અન્ય ચીજોની જરુરીયાત-આનંદ સાથે સરખાવે અને એ તે તારણ પર આવે કે મોંઘી થયેલી ચીજ પાછળ વધારે નાણાં ખર્ચતા એનો કુલ આનંદ ઓછો થશે અને એ માણસ તે ચીજ ઓછી ખરીદે કે નહીં ખરીદે તો એનું એ વર્તન રેશનલ ગણાય. સ્મીથે અને અન્ય અર્થશાસ્ત્રીઓએ આવા વર્તનની ધારણા કરેલી. એ ધારણાને આધારે એમણે જણાવ્યું કે ‘ભાવ વધે તો માંગ ઘટે.’

શું આ ધારણ પ્રમાણે માણસ વાસ્તવમાં રેશનલ વર્તન કરે છે ? શું એવું નહીં બને કે ‘હજી ભાવ વધશે’ એવી ગણતરીએ માણસ વધતા ભાવે વધારે ખરીદી કરે ? એનું આ વર્તન રેશનલ ગણવું કે ઈર્રેશનલ ? આ અને આવા સવાલો દર્શાવે છે કે વીવેકબુદ્ધીયુકત વર્તનના ચોકકસ એક જ માપદંડ સ્થાપી શકાતા નથી.

૨૦૧૭ના નોબલ ઈનામ પુરસ્કૃત રીચાર્ડ થેલરે વાસ્તવીકતાનો અભ્યાસ કર્યો. એણે જાણીતા સત્યનું ઉચ્ચારણ કર્યું કે માણસ બજારમાં રેશનલ વર્તન કરતો નથી. હવે જે થેલર માણસને અહીંસક ધકકો મારીને રેશનલ બનાવવાનું કહે છે તે જ્ઞાનમાં વૃદ્ધી કરે છે એવું નોબેલ સમીતીને સમજાયું, અને એમને નોબેલ મળ્યું.

થેલર જે ધકકા (Nudge) ની વાત કરે છે તેની સફળતા માટે પણ શંકા પેદા થાય એમ છે. ધુમ્રપાનનો જ દાખલો લઈએ. ધુમ્રપાન એ બહુ મોટો અવીવેકી જીવન વ્યવહાર છે.

આખી દુનીયાની પ્રજા અને સરકારો તે સ્વીકારે છે. છેલ્લા એક સૈકાથી સરકારો, બીનસરકારી સંસ્થાઓ, વીશ્વ આરોગ્ય સંસ્થા, વગેરે ધુમ્રપાનના વ્યસનીઓને જાતજાતની તરકીબો અજમાવી અજમાવીને સમજાવે છે કે એમનો જીવન-વ્યવહાર અવીવેકી છે. આ વ્યવહારમાં તેઓ વીવેકી બને તે માટે જાતજાતના ‘ધક્કા’ મારે છે. આમ છતાં આંકડા એવું દર્શાવે છે કે ધુમ્રપાન વધે છે, પણ ઘટતું નથી. થેલરના Nudge નું સુચન સરીયામ નીષ્ફળ ગયું છે. થેલર અને એમના જેવા અન્ય બુદ્ધીશાળી તેમ જ માનવહીતચીંતક અર્થશાસ્ત્રીઓએ સતત એ ચીંતન કર્યું છે કે માણસ રેશનલ કેવી રીતે બને ? એમનાં ચીંતન અને તારણો ધારેલા પરીણામ લાવતા નથી એ વાત સાચી, પણ આપણે જાણવું જોઈએ કે વીજ્ઞાનમાં અને તેમાંયે સમાજવીજ્ઞાનોમાં રેશનલ વર્તન અંગે ઘણું વીચારાય છે. આપણે રેશનાલીસ્ટો એ બધાનો અભ્યાસ કરી રેશનાલીઝમ અંગેના આપણા વીચારો વધારે સ્પષ્ટ તો કરી જ શકીએ, પરંતુ આગળ વધીને એના વીશાળ સંદર્ભો શોધી શકીએ-સમજી શકીએ. આવો જ એક સંદર્ભ હમણાં જાણવા મળ્યો છે કે જે દેશ અથવા સમાજના લોકો વધારે રેશનલ છે તે દેશ/સમાજનો આર્થીક વીકાસ વધારે ટકાઉ છે, અને વધારે હોય છે. આવા બીજા ઘણા સંદર્ભો વીચારી શકાય.

---

# શાળા શીક્ષણમાં લૈંગીક સમાનતાનો સમાવેશ

---

**–પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ,** પાલનપુર

સર્વોચ્ચ અદાલતના ત્રીપલ તલાક તેમ જ ગુપ્તતાના અધીકાર વીશે જાહેર થયેલ ચુકાદાઓ ઉપરાંત રામ રહીમને થયેલ સજાના બનાવે દેશમાં સ્ત્રીઓની સલામતી અને કેટલાક સામાજીક રીવાજોની પ્રસ્તુતતા વીશે બંધારણીયતા અને લૈંગીક સમાનતાના સવાલો ઉભરી રહયા છે.

દેશના વીવીધ ભાગો-સમાજોમાં લીંગના આધારે કરવામાં આવતા ભેદભાવ અને સ્ત્રી પર થતા અત્યાચારોથી વ્યથીત થઈ દરેક સંવેનશીલ વ્યકતીને એ પ્રશ્ન થવો જોઈએ કે-‘સમાજમાં એક લીંગ (એટલે કે પુરુષ)નું સ્થાન બીજા લીંગ (સ્ત્રી) કરતાં ઉંચું કેમ ?’ એક લીંગનું બીજા લીંગ પરના સંપુર્ણ પ્રભુત્વ વીશે પુનઃ વીચાર કરવાની જરુર છે. આપણો જન્મ પૈતૃક સમાજમાં થતો નથી. પૈતૃક સમાજમાં આપણું સમાજીકકરણ કરવામાં આવે છે.

બાળકને બહુ વહેલી ઉંમરથી પૈતૃક સમાજનાં લક્ષણો વીશે તેનાં માનસને સમજ આપવામાં આવે છે. બાળક પોતે છોકરો છે કે છોકરી તેની તેને સમજ ઉદ્‌ભવે તે પુર્વે તેને

'છોકરીની જેમ ન રોવાનું' એમ શીખવવામાં આવે છે. છોકરીઓને રમત રમવા રસોડાનાં સાધન અને છોકરાઓને બંદુક, મોટર સાયકલ, વીમાન આપવામાં આવે છે. શાળામાં છોકરા-છોકરીઓને અમુક રીતે વર્તન કરવા ન કરવા કડકાઈથી સુચના આપવામાં આવે છે. છોકરા-છોકરીઓને વીષય પસંદગી, તેમની રસ-રુચીના આધારે નહીં, પરંતુ લીંગના આધારે કરવાની હોય છે. દીલ્હી યુનીવર્સીટીની મોટા ભાગની મહીલા કોલેજોમાં માનસશાસ્ત્ર (psychology) સાથે માનદ ઉપાધી એનાયત કરવામાં આવે છે. એટલે કે છોકરીઓને વીષય પસંદગીની મુકત તકો બહુ ઓછી રહે છે, જયારે છોકરાઓ માટે વીષયો પસંદ કરવા માટે અનેક વીકલ્પો ઉપલબ્ધ હોય છે.

એટલે આપણને જયાં ભાષા, વીજ્ઞાન શીખવવામાં આવે છે તે જ શાળાઓમાં છોકરા-છોકરીઓને સહઅસ્તીત્વનું શીક્ષણ આપવું જોઈએ. આપણાં બાળકોને શાળામાં જ એ શીક્ષણ મળવું જોઈએ કે લૈંગીક સમાનતા (gender equality) વાસ્તવીકતા (natural) છે. બાળકો જ આપણી આશા અને ભવીષ્ય છે. તેમણે માનવ સહજ રીતે જીવન જીવતા શીખવું જોઈએ અને નહીં કે પૈતૃક સમાજે ઘડેલાં ધોરણોથી દોરાઈને. જો શાળા શીક્ષણથી છોકરા-છોકરી વચ્ચે ભેદભાવ આરોપવામાં આવે, તો તે સમાજ માટે તે હાનીકારક છે. વીજાતીય આકર્ષણ માટે નકારાત્મક ખ્યાલની અનુભુતીથી છોકરીઓ પોતાની જાત નીચી ઉતરતી હોવાનું સમજે છે. શાળાથી જ આ રીતે બાળકીઓ પોતાની જાત માટે ગૌરવભંગ અનુભવે છે. સામા પક્ષે છોકરાઓ પોતાની જાત ઉચ્ચ અને ગૌરવ હોવાની અનુભુતી કરે છે, અને તેમની સામે કોઈ પડકાર કે ઠપકાનો અવકાશ રહેતો નથી. છોકરાઓ એમ માનતા હોય છે કે તેઓ વીશેષાધીકૃત વર્ગ (privileged class) માંથી આવે છે.

મોટાભાગની શાળા-કોલેજોમાં સલામતીના નામે છોકરા-છોકરીની અલગ લાઈનો કરવામાં આવે છે. વીજ્ઞાન પ્રયોગશાળા, રમતનાં મેદાનો, પસંદગીની તકો, વ. દરેક સ્થળે છોકરા-છોકરીને અલગ લાઈનોમાં બેસાડવામાં આવે છે. એક એવો ભય વ્યકત કરવામાં આવે છે કે જો છોકરા-છોકરી ભેગા થાય, તો ઈશ્ક, છેડછાડ, મર્યાદાલોપના કીસ્સાઓ બને. સૌ પ્રથમ તો છોકરાઓના મનનો ઉચ્ચ ભાવ અને છોકરીઓના મનનો ડર દુર થવા જોઈએ. એકબીજા સાથે શીષ્ટતાપુર્વક વર્તન કેવી રીતે થાય તે સહ-અસ્તીત્ત્વથી શીખવી શકાય. સાથે બેસશે, ભણશે તો એકબીજા તરફ આદર પ્રગટશે, છોકરા કે છોકરીએ

એકબીજા તરફ માનવ તરીકેની દ્રષ્ટીથી નીહાળશે અને સહજરીતે (naturally) જીવન જીવતા શીખવાનું શીક્ષણ પણ શાળાઓમાં ઉપલબ્ધ કરાવવું જોઈએ.

છોકરા કે છોકરાનું શરીર કુદરતી છે. દરેકનાં શરીરમાં જુદી જુદી કુદરતી ક્રીયાઓ થયા કરે છે. સ્ત્રીઓમાં ઋતુચક્ર અને પ્રસુતી ક્ષમતા વીશીષ્ટ હોવા છતાં કુદરતી છે. યુવતીઓ પોતાના કુટુંબમાં પોતાના ઋતુચક્રની સમસ્યા વીશે ભાઈ કે પીતાને વાત કરતા સંકોચાય છે. વર્ષોથી પરંપરાગત રીતે આ વર્તન સમાજમાં ચાલી રહયું છે. પરંપરાનું અનુસરણ નવી શોધ અને તર્કશકતી માટે બાધારુપ છે. છોકરા કે છોકરીઓનાં વલણો તરફ માનસીક પુર્વગ્રહથી નીહાળવામાં આવે છે. આ ગ્રંથી દુર થવી ઘટે. શાળા શીક્ષણમાં છોકરાં-છોકરી માટે પરસ્પર આદર અને સમાનતાના પાઠો શીખવાવા જોઈએ. જો આ પ્રકારનું શીક્ષણ શાળાઓમાં અપાય, તો છોકરીઓ તરફનો તુચ્છ ભાવ, માનસીકતા કે ગ્રંથી દુર થશે, અને છોકરાઓના છોકરી તરફના વર્તનમાં સુધારો થશે. આવા મુકત વાતાવરણમાં જ સામાજીક પ્રગતી શકય છે. સારા નાગરીકો અને માનવો તૈયાર થવામાં આ વાતાવરણ ઓકસીજનની ગરજ સારશે.

(અનુષ્ના જહાના Indian Express, ૫-૯-૧૭ માં પ્રગટ થયેલ લેખના આધારે)

---

**રેશનલ ચળવળ**

## પાલનપુરમાં અંધશ્રદ્ધા વીરોધી રેલી અને વેબ સીરીયલનો પ્રારંભ

---

(૧) ન જાણે કેમ ભારતમાં સદીઓથી કાળી ચૌદશની રાત્રીને એટલી ખોફનાક ચીતરવામાં આવી છે અને એવી ગેરમાન્યતાઓ-પરંપરાઓ તેમ જ જાતજાતની વીચીત્ર બીહામણી વાતો પ્રચલીત કરવામાં આવી છે કે લોકો રાત્રે સ્મશાનમાં તો શું, પરંતુ બહાર નીકળવાનું પણ ટાળે છે. કહેવાતા તાંત્રીકો રાત્રે મંત્ર-તંત્ર, મેલીવીદ્યા, સાધના વગેરે જેવી કથીત અને અદશ્ય શકતીઓ મેળવતા હોવાની અવૈજ્ઞાનીક વાતો આપણને સાંભળવા મળે છે. આ બાબતનું ખંડન કરવા અને લોકજાગૃતી કેળવાય તેવા આશયથી બનાસકાંઠા જીલ્લા અંધશ્રદ્ધા નીર્મુલન સમીતી, પાલનપુર તરફથી તા. ૧૮-૧૦-૨૦૧૭, કાળી ચૌદશની રાત્રે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જી. ડી. મોદી કોલેજ ગેટ આગળથી રાત્રે ૮.૦૦ કલાકે ઢોલ-નગારાં સાથે જનજાગૃતી રેલી શરુ કરવામાં આવી હતી. જેમાં બાળકો, સ્ત્રી-પુરુષો મળીને આશરે ૧૦૦ જેટલા લોકો જોડાયા હતા. 'ચમત્કારથી ચેતો, અંધશ્રદ્ધાથી દુર રહો, ચમત્કાર કરનારને ૧ કરોડનું ઈનામ, અંધશ્રદ્ધા વીરુદ્ધ કાનુન બનાવો, દુનીયામાં ભુત-પ્રેત ક્યાંય નથી.' જેવા પ્લે બોર્ડ સાથે સુત્રોચ્ચાર કરીને ગુરુનાનક ચોક, સંજય ચોક, દીલ્હીગેટ થઇને માનસરોવર સ્મશાન સુધી રેલી નીકળી હતી. ત્યારબાદ સ્મશાનમાં સભાના રુપમાં સૌ મળ્યા હતા.

આ પ્રસંગે અંધશ્રદ્ધા નીર્મુલન હેતુને ધ્યાનમાં રાખીને હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ સોસાયટી, ગોધરાના પ્રમુખ ડો. સુજાતવલીના સહકારથી 'પાખંડ' નામની વેબ સીરીયલનો શુભારંભ મુકુન્દભાઈ સીંધિવ-ગોધરાના હસ્તે કરવામાં આવ્યો હતો. આ વખતે વેબ સીરીયલના ડાયરેક્ટર ભાવેશ ઓડે પાખંડી બાવાનો અભીનય કરીને થોડીવાર માટે લોકોને ડરાવી દીધા હતા. આ સીરીયલની સ્ટોરી શ્રી રમેશભાઈ સવાણી DIG (B) એ લખી છે, જેમાં ડાયરેક્ટર તરીકે ભાવેશ ઓડ, એડીટર નયન ચત્રારીયા, આર્ટ ડાયરેક્ટર જયેશ વાગડોદા તથા અભીનય ફીલ્મ એકેડેમીના કલાકાર મીત્રો ખુબ જ મહેનત કરીને આ નવીન પ્રકારની વેબ સીરીયલ બનાવી રહ્યા છે.

આ કાર્યક્રમમાં ઉપસ્થીત સ્વચ્છતા અભીયાનના બ્રાન્ડ એમ્બેસેડર ડો. સુરેન્દ્ર ગુપ્તા, સંસ્થાના પ્રમુખ પ્રો. અશ્વીન કારીઆ, ગીરીશ સુંઢીયા, પરેશ રાવલ, મોહનભાઈ રાજ, જયેશ ચૌહાણ, લવજી મકવાણા, વસંતભાઈ યાદવ વગેરેએ વૈજ્ઞાનીક સમજ દ્વારા અંધશ્રદ્ધા અને ભયમાંથી બહાર નીકળી જાગૃત અને નીડર બનવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે ટી. વી. ચેનલ અને મીડીયાના પત્રકાર મીત્રોએ હાજર રહી સારું કવરેજ આપ્યું હતું. છેલ્લે સૌ મીઠાઈ અને નાસ્તાને ન્યાય આપીને છુટા પડયા હતા.

(૨) **શ્રીમતી નાઝનીન સાહેરવાલાનું 'ભારતની પ્રવર્તમાન સમસ્યાઓ અને આપણી ફરજો' વીશે શીવાજી પુસ્તકાલય, વ્યારામાં વ્યાખ્યાન.**

ડો. ગણેશભાઈ ખૈરે વકતાની બહુમુખી પ્રતીભા અને સમાજસેવાના કામનો શ્રોતાઓને પરીચય આપ્યો. એમણે વધુમાં જણાવ્યું કે બેંગકોક, થાઈલેન્ડમાં જન્મી સુરતમાં ઉછરેલા નાઝનીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કામ કરી વીવીધ એવોર્ડ મેળવ્યા. નીવૃત્ત શીક્ષક

**RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration License No. SRT-716/2016-2018**

---

પ્રવીણભાઈ શાહના પ્રમુખપદે આ સાંધ્યગોષ્ઠી યોજવામાં આવી. તેમણે ભારતની ગંભીર સમસ્યાઓ રજુ કરી. આપણા હાથમાં દર્પણ રાખી પરીવર્તન આપણાથી જ શરૂ કરો.

અંતે ખુબ રસપ્રદ અને જીવંત પ્રશ્નોત્તરીમાં વીનોદભાઈ સોનાર, શાંતીલાલ પટેલ, મહેન્દ્ર શાહ, પ્રકાશભાઈ શાહ, પ્રદીપ ભટ્ટ, હર્ષદભાઈ પંચોલી, નીતીનભાઈ ભકતાએ પુછેલા પ્રશ્નોના નાઝનીનબહેને સુંદર ઉત્તરો આપ્યા. બાજુનાં  કપુરા ગામના  ભાઈઓ પણ આવ્યા હતા. પ્રશ્નો પણ પુછયાં હતા. દારુબંધીમા, બકરીઈદમાં બકરી કાપવી,  ઈશ્વરનું અસ્તીત્વ આત્મહત્યા, આતંકવાદ, જેવા પ્રશ્નોની વીગતે ચર્ચા થઈ.

અંતે ગણેશભાઈ પૈરેએ વકતાશ્રી નાઝનીનબહેનો, શીવાજી લાયબ્રેરીના હોદેદારો અને સમગ્ર સાંધ્યગોષ્ઠી પરીવારનો અંતઃકરણપુર્વક આભાર માન્યો.

---

રાજપાલ નામના એક ભાઈએ મહમ્મદ પયગંબરની ટીકા કરતું એક લખાણ લખ્યું. એણે મહમ્મદ પયગંબરે કરેલા અનેક લગ્નોની ટીકા કરેલી, અને અંતે જણાવેલું કે તે, ‘રંગીલા રસુલ’ છે. ફોજદારી કાયદા હેઠળ રાજપાલ પર દાવો થયો. નીચલી અદાલતે એને કસુરવાર ઠેરવ્યો અને સજા કરી. એ લાહોરની હાઈકોર્ટમાં ગયો. હાઈકોર્ટે નોંધ્યું કે ફોજદારી કાયદાની જે કલમો છે તે બે કોમ વચ્ચે વૈમનસ્ય ફેલાવનારને સજા કરવા માટે છે,  નહીં કે કોઈક ધાર્મીક આગેવાનની ટીકા કરવા માટે.  ઈ.સ. ૧૯૨૭માં આપેલા ચુકાદા હેઠળ ‘રંગીલા રસુલ’ તરીકે મહમ્મદ પયગંબરનું વર્ણન કરનાર રાજપાલને હાઈકોર્ટે નીર્દોષ જાહેર કર્યો હતો. આ સંદર્ભે જાણવા જેવું છે કે  મોરોકકો જેવા મુસ્લીમ દેશોમાં પણ બહુપત્નીત્વને ગેરકાયદોસર ઠેરવવામાં આવ્યું છે.

(જસ્ટીસ આર. એ. જહાંગીર (નીવૃત્ત) ‘રેશનાલીસ્ટ સ્પીકસ…’માં)

---

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ફોન નં.–(૦૨૬૧) ૨૫૯૦૮૪૭ ખાતે ‘સત્યાન્વેષણ’ છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું.  મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**